સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર – સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

માર્ચ, ૨૦૧૮ • બે વર્ષ લવાજમ રૂા. ૧૬૦/–



## શતમ્ જીવ શરદઃ

**શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય**ની સુવાસના યુગપ્રભાવક અને વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના પનોતા પુત્ર વડતાલ ગાદીના **ભાવિઆચાર્ય** પ.પૂ. ૧૦૮ **શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના **જન્મોત્સવ** (ફાગણ વદ - ૫ રંગપંચમી) પ્રસંગે શ્રીચરણોમાં **કોટિ કોટિ વંદના...**








ગઢડાને આંગણે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત શ્રી ગોપીનાથજીના સમીપમાં બિરાજમાન શ્રીહરિકૃષ્ણ મહારાજનો પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં ઉજવાયેલ ૧૫૮મો વાર્ષિક પાટોત્સવ તથા સત્સંગ સભા.









જૂનાગઢને આંગણે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત શ્રી રાધારમણ દેવના સમીપમાં બિરાજમાન શ્રીહરિકૃષ્ણ મહારાજનો પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં ઉજવાયેલ ૧૫૮મો વાર્ષિક પાટોત્સવ તથા સત્સંગ સભા.







**નૂતન મંદિર ખાતમુહૂર્ત રાજકોટ**




રાજકોટ શહેરને આંગણે બાબરીયા કોલોની ખાતે પ.પૂ. ધ.ધુ. **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. **નાનાલાલજી મહારાજશ્રી**ના સાન્નિધ્યમાં સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે નવનિર્માણ **શ્રી સ્વામિનારાયણ મંદિર**નો ઉજવાયેલ **'ખાતમુહૂર્ત મહોત્સવ'** તથા **'સત્સંગ સભા'**



**નૂતન મંદિર ખાતમુહૂર્ત ગોખલાણા**





ગઢપુર પ્રદેશના ભગવાન શ્રીહરિના ચરણઅંકિત પ્રાસાદિક ગામ ગોખલાણાને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સરધાર નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ નૂતન હરિમંદિર ખાતમુહૂર્ત મહોત્સવ તથા શાકોત્સવ-સત્સંગ સભા




**નૂતન મંદિર ખાતમુહૂર્ત જૂની હળિયાદ**



જૂનાગઢ પ્રદેશના જૂની હળિયાદ ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી યોજાયેલ નૂતન મહિલા મંદિર ખાતમુહૂર્ત મહોત્સવ તથા સત્સંગ સભા









ગઢપુર પ્રદેશના **ખોપાળા** ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાન્નિધ્યમાં બગસરા નિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે ઉજવાયેલ **શ્રીહરિકૃષ્ણ મહારાજ** આદિક દેવોનો **'૩૦મો વાર્ષિક પાટોત્સવ'** તથા **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'**














**બગસરા** શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી**ના સાન્નિધ્યમાં **પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે ઉજવાયેલ નવનિર્માણ **શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિર**નો **'ભૂમિપૂજન મહોત્સવ'** તથા **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥





અધ્યક્ષશ્રી



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ

ઉપાધ્યક્ષશ્રી



પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ

# સ્વામિનારાયણ ચિંતન

**પ્રયોજક :** *પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી*

**વર્ષ : ૫ । અંક : ૧૩ । તારીખ : ૨૦ માર્ચ, ૨૦૧૮**

**પ્રસિદ્ધ કર્તા**
*શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી*
**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

**પ્રકાશક – માલિક – તંત્રી**
*સાધુ પતિતપાવનદાસજી*

**સંપાદક**
*સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)*

**લેખન – સંકલન**
સાધુ અમૃતસ્વરૂપદાસજી
*ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી*

**લવાજમ દર**
*બે વર્ષ : રૂા. ૧૬૦/-*
*પંચવાર્ષિક : રૂા. ૩૫૦/-* • *પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-*
*પરદેશમાં લવાજમ :* **$ 200 U.S.A., £ 125 U.K.**

*સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.*

**લવાજમદર અંગે**
**ગ્રાહક પત્ર વ્યવહાર**

'ચિંતન કાર્યાલય', શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
www.sardharkatha.net chintankaryalay@gmail.com
www.swaminarayanvadtalgadi.org

**છબીકલા : શિવલાલ સુદાણી – બારમણ**
**મો. ૯૮૭૯૨ ૬૯૫૪૦**

## ૐ શ્રી વૈષ્ણવક્રતુકારકાય નમઃ

સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી કહે છે : "હે પ્રભુ ! તમે વિષ્ણુયાગ કરાવનારા છો. તમને વિષ્ણુયાગ બહુ ગમે છે, હિંસામય યજ્ઞની પ્રવૃત્તિબંધ કરાવી અને વિષ્ણુયાગ કરાવો છો એવા ભગવાન શ્રીહરિ આપના શ્રીચરણોમાં હું વંદન કરું છું.

ભગવાન શ્રી સ્વામિનારાયણે વિચાર કર્યો કે, હમણાં રાજસૂય યજ્ઞ ઘણા થાય છે, જ્યાં સુધી સાત્ત્વિક યજ્ઞ નહિ કરું, ત્યાં સુધી રાજસૂય યજ્ઞ બંધ નહિ થાય, હું સાત્ત્વિક યજ્ઞો કરાવીશ.

**અનુક્રમણિકા**

| | | |
|---|---|---|
| ૦૧ | માંગરોળમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલ સૌપ્રથમ યજ્ઞ | ૦૬ |
| ૦૨ | પીપલાણા–આખામાં ઓઝતગંગા નદીને તીરે આશ્ચર્યકારી મહાવિષ્ણુયાગ | ૦૮ |
| ૦૩ | ભગવાન શ્રી સ્વામિનારાયણે કારિયાણીમાં તળાવ ગળાવીને વિષ્ણુયાગ કર્યો | ૧૧ |
| ૦૪ | જેતલપુરમાં પ્રથમ અહિંસક યજ્ઞ | ૧૮ |
| ૦૫ | જેતલપુરમાં અઢાર દિવસનો મહા વિષ્ણુયાગ | ૨૦ |
| ૦૬ | સત્સંગ સમાચાર પત્રિકા | ૨૯ |

हमारा लक्ष्य
विश्व का कल्याण हो...

લક્ષ્ય ટી.વી. ચેનલ દ્વારા...
સમગ્ર ગુજરાતમાં ઘેર બેઠા આપ માણો...

| પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે | પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે |
|---|---|---|
| दिव्य अमृतवाणी | सत्संग कथापारायण | सत्संग कथामृत |
| સમય : દરરોજ | દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦ | દરરોજ સવારે ૬.૦૦ થી ૭.૦૦ |



# માંગરોળમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલ સૌપ્રથમ યજ્ઞ

**સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પાર્ષદ રજની ભગત**
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**'વાવ જૂની ગળાવી ને એક તો રે, તેનું ભર્યું કર્યું તેમાં નાચ;**
**વિષ્ણુયાગ કરી વળી વાલમે રે, નિજ મોટપ દેખાડી જ્યાંય. મોટો મહિમા છે જો માંગરોળનો રે...'**

ભગવાન શ્રી સ્વામિનારાયણ જેતપુરમાં સંપ્રદાયની ધર્મધુરા સ્વીકારી સોરઠમાં **સત્સંગ વિચરણ** કરતા કરતા માણાવદરમાં વસંતોત્સવ કરીને સં. ૧૮૫૮માં **માંગરોળ** પધાર્યા. અહીં ફાગણનો ફૂલદોલનો ઉત્સવ કરવાનું ભગવાન શ્રીહરિએ ધાર્યું. દેશદેશના હરિભક્તો આવી ગયા. શ્રીજીમહારાજે ધામધૂમથી રંગોત્સવ કર્યો. ભક્તોએ ભગવાન શ્રીહરિને ફૂલના દોલા ઉપર ઝુલાવ્યા. આ પ્રસંગે શ્રીજીમહારાજે **હોલિકા ઉત્સવનું રહસ્ય** સમજાવતાં કહ્યું : "ફાગણમાં હોલિકાનો ઉત્સવ સૌ કરે છે. ભક્ત પ્રહ્લાદનો નાશ કરવા હોલિકા તેને ખોળામાં લઈ અગ્નિમાં પ્રવેશ કરે છે, પરંતુ ભગવાનની ઈચ્છાથી હોલિકા બળી જાય છે અને પ્રહ્લાદની રક્ષા થાય છે. આસુરી તત્ત્વો ઉપર **દૈવી તત્ત્વોનો વિજય** થાય છે. હોલિકાના આસુરભાવનો તિરસ્કાર કરતાં કરતાં લોકો અશ્લીલતામાં ઊતરી ગયા, પરંતુ એવી ભૂંડી ભાષા બોલવાથી અને સાંભળવાથી વૃત્તિઓ ઉશ્કેરાય છે, મન ભ્રષ્ટ થાય છે અને દેહ પણ ભ્રષ્ટ થાય છે. માટે એવા કુરિવાજોનો ત્યાગ કરવો. આ પ્રસંગે ભગવાને પ્રહ્લાદની રક્ષા કરી એટલે **ભગવાનનો વિજય** થયો કહેવાય. એ **આનંદ**માં સૌએ રંગે રમવું, ભગવાનને પુષ્પના દોલામાં ઝુલાવવા. આ રીતે ઉત્સવમાં ભગવાનનું **અનુસંધાન** રાખવાથી ઉત્સવ ભક્તિમય બની જાય છે."

સૌ એકચિત્તે ભગવાન શ્રીહરિની વાણી સાંભળી રહ્યા હતા. શ્રીજીમહારાજની **એક જ ઈચ્છા** હતી : લોકોના હૃદયમાંથી અસદ્‌વાસના, અસદ્‌ભાવ, અસદ્‌પ્રકૃતિ નિર્મૂળ કરવા હતા, તેમને શુદ્ધ કરવા હતા. ઉત્સવોનું રહસ્ય સમજાવી તેમને ભક્તિમાર્ગે દોરવા હતા.

ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આ સમય અંધાધૂંધીનો હતો. અક્ષરજ્ઞાનના અભાવે વહેમોના વમળમાં લોકો ફસાયા હતા. જૂની રૂઢિઓને તોડવાની કોઈ હિંમત કરતું નહિ. તેથી અનીતિ, અનાચાર, અશ્લીલતા સર્વત્ર પ્રસરી ગયા હતા. વામપંથ, કૂડાપંથ અને ચાર્વાકપંથોએ અધર્મને ધર્મ મનાવ્યો હતો અને ભ્રષ્ટાચારમાં ભક્તિ બતાવી હતી. આવી જડ અને અજ્ઞાન પ્રજામાં નીતિનું, સદાચારનું, ભક્તિનું વાતાવરણ પ્રવર્તાવવું એ ખૂબ જ કઠિન હતું, પરંતુ **ભગવાન શ્રીહરિ** જાણતા હતા કે લોકો પ્રેમના ભૂખ્યા છે. પેટનો ખાડો પુરાશે, જીવનની જરૂરિયાતો મળશે તો પ્રેમની ભાષા તેઓ સમજી શકશે, કુટેવો છોડશે. પ્રેમનો જવાબ પ્રેમથી જ આપશે.

શ્રીજીમહારાજે વૈશાખ માસમાં અક્ષય તૃતીયા, નૃસિંહ ચતુર્દશી, ભીમ એકાદશી વગેરે **ઉત્સવો** કર્યા. જેઠ લગભગ ઊતરવા આવ્યો પણ વરસાદનું વાદળું ક્યાંય દેખાતું ન હતું. સૂર્યની અગ્નિવર્ષા અસહ્ય બની ગઈ હતી. પાણીનો પણ જાણે કાળ પડ્યો હોય તેવું દેખાતું હતું. નદી, તળાવ, કૂવા વગેરે સૂકાઈ ગયા હતા. પાણીની આ અસહ્ય તંગીથી પશુ, પંખી અને મનુષ્યો ત્રાસ પામી ગયા હતા. લોકોની આ મૂંઝવણ ભગવાન શ્રીહરિની દૃષ્ટિમાં આવી.

ગામને પાદરમાં જ એક **જૂની વાવ** પુરાયેલી હતી તેને ઊંડી કરાવવા માંગરોળના નવાબ વજરુદીનની **મંજૂરી** લેવા માટે

સત્સંગીઓને મોકલ્યા.

ભગવાન શ્રીહરિની ઈચ્છા જાણી નવાબ સાહેબે કહેવરાવ્યું : "હું તો એ ખુદાતાલાનો સેવક છું. તેઓ આજ્ઞા કરે તો એ પુરાતની વાવ હું ખોદાવી દઉં."

ભગવાન શ્રીહરિ તેમના આ ભાવથી સંતુષ્ટ થયા. તેઓએ **સંદેશો** મોકલ્યા : "આપની પરવાનગી મળી એ ઘણું બધું છે. શ્રમયજ્ઞ તો અમારા સંતો-હરિભક્તો કરશે. લોકોના ભલા માટે શ્રમ કરવો એ પણ **ભક્તિ** જ છે."

શ્રીજીમહારાજનું આવું નિર્માની પણું જોઈને સ્વયં વજરુદ્દીન નવાબ પ્રગટ શ્રીહરિના દર્શન કરવા આવ્યા. સાથે ડંકા-નિશાન અને સૈનિકોની પલટણ પણ આવી. ભગવાન શ્રીહરિએ તેનું યથાયોગ્ય સન્માન કર્યું અને બાજુમાં જ ખુરશી પર બેસાડી ક્ષેમકુશળ પૂછ્યાં. ત્યારે વજરુદ્દીન બે હાથ જોડી વિનંતી કરીને બોલ્યા : "હે પ્રભુ ! તમો કહો તે ઠેકાણે હું નવી વાવ ગળાવી દઉં અથવા પ્રતિદિન તમોને પાણી પહોંચાડી દઉં પણ મને આ સેવા કરવાનો મોકો આપો." નવાબની વિનંતી સાંભળી પ્રગટ શ્રીહરિ તેમને કહેવા લાગ્યા :

**સુણી બોલિયા શ્રીભગવાન, અહીં કરવું છે તીરથ સ્થાન;**
**કરે શ્રમ સહુ સંતનો સાથ, ગાળ કાઢું વળી મારે હાથ.**
**હરિભક્ત કરે કામ જ્યારે, તીર્થ થાય પવિત્ર તો ત્યારે;**
**મોટો આ ભૂમિનો મહિમાય, વધે તે કરવો છે ઉપાય.**
**એવો કીધો છે સંકલ્પ અમે, માટે તરત રજા આપો તમે;**
**બોલ્યા ભૂપ સુણી તેહ ટાણે, કરો આપની ઈચ્છા પ્રમાણે.**
**ધન્ય ધન્ય તમે મહારાજ, પ્રભુ પ્રગટ્યા અમારે કાજ;**
**મારી ભૂમિનાં ભાગ્ય અપાર, થશે વિખ્યાત વિશ્વ મોઝાર.**

(શ્રીહરિલીલામૃત : ૫/૭/૪૩ થી ૪૬)

"હે નવાબ સાહેબ ! અમારે તો અહીં સુંદર તીર્થ કરવું છે. આ સંતો-હરિભક્તો વાવ ખોદશે અને હું મારા હાથથી ગાળ કાઢીશ એટલે આ તીર્થ વિશેષ પવિત્ર થશે. આ માંગરોળ ભૂમિનો મહિમા વિશેષ વધે એના માટે આ શ્રમ કરવો છે, માટે તમે રજા આપો એટલે તમારી સેવા પણ અમો માની લેશું."

ભગવાન શ્રીહરિની વાત સાંભળી નવાબ બોલ્યા : "આપની ઈચ્છા હોય એ રીતે આપ કરી શકો છો. મારી આ ભૂમિના ધન્યભાગ્ય છે કે તેને આપ તીર્થત્વ આપીને વિશ્વ વિખ્યાત બનાવી રહ્યા છો. હું મારી જાતને મહાન ભાગ્યશાળી માનું છું. કારણ કે, આપ આ વાવને તીર્થ બનાવી પ્રખ્યાત કરવાના છો. " પછી વજરુદ્દીન ભગવાન શ્રીહરિને પગે લાગી પોતાને નિવાસે ગયા.

બીજા દિવસથી વાવ ગાળવાનું કામ શરૂ થઈ ગયું. ગામેગામથી જે જે હરિભક્તો આવતા તેમને ભગવાન શ્રીહરિ આ કામમાં લગાડી દેતા. પોતે પણ ગાળના તગારાં ઉપાડતા. સંતો-હરિભક્તો કીર્તનો, સ્તોત્રો ગાતા જાય અને કામ કરતા જાય. ગામના લોકો પણ આવતા અને સંતોને શ્રમ કરતા જોઈ રાજી થતા.

સંતો-હરિભક્તોએ ઉનાળાના ખરા તાપમાં દસ દિવસ સુધી સતત મહેનત કરી અને ભગવાન શ્રીહરિની કૃપાથી મીઠું ટોપરા જેવું પાણી નીકળ્યું. બધાને બહુ જ આનંદ થયો. પાણી જોઈ સૌ કોઈ સંતો-




ભક્તો ઉચ્ચ સ્વરે પ્રગટ પ્રભુ શ્રીહરિનો **જયજયકાર** કરવા લાગ્યા : 'શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય..... શ્રી સહજાનંદ સ્વામીની જય હો...' નારાથી આકાશ ગૂંજી ઉઠ્યું.

આ પ્રમાણે સર્વેએ દસ દિવસ સખત સેવા કરી અને એમાં ભગવાન શ્રીહરિની કૃપા ભળી એટલે મધુર જળ પ્રગટ થયું અને જોતજોતામાં તો વાવ પાણીથી ભરાઈ ગઈ ! પછી સૌ કોઈએ ભગવાન શ્રીહરિની પાસે જઈ વિનંતીના રૂપમાં કહ્યું : "હે પ્રભુ ! આપ પ્રથમ આ વાવમાં સ્નાન કરો ત્યારબાદ અમો તેના જળનો ઉપયોગ કરીએ." પછી ભગવાન શ્રીહરિએ એ વાવમાં સ્નાન કર્યું અને પ્રસાદીનું જળ સર્વે સંતો-ભક્તો પર છાંટ્યું.

પછી શ્રીજીમહારાજે વિચાર કર્યો કે, હવે વાવનું પૂર્તકર્મ (વિષ્ણુયાગ) વિધિપૂર્વક કરાવવું. મયારામ ભટ્ટને બોલાવીને વાત કરી : "ભટ્ટજી ! વિદ્વાન બ્રાહ્મણોને બોલાવો, બધો સામાન મંગાવો, બ્રાહ્મણોને જમાડવા માટે સીધા-સામગ્રી પણ મંગાવો." મયારામ ભટ્ટે થોડા સમયમાં જ બધી તૈયારી કરી દીધી. પછી ભગવાન શ્રીહરિ પોતે યજ્ઞવિધિ કરવા બિરાજમાન થયા. બ્રાહ્મણોએ વૈદિક શાસ્ત્રવિધિ અનુસાર પૂજન કરાવ્યું.


मयारामादयो विप्राः कुर्वन्तं देवतार्चनम् ।
तमीक्षमाणा ददृशुः सद्य एव चतुर्भुजम् ।।
गदाब्जशङ्खचक्राढ्यं किरीटेन विराजितम् ।
पीताम्बरं घनश्यामं श्रीवत्साङ्कितवक्षसम् ।।

(શ્રી સત્સંગિજીવન : ૨/૩/૧૭-૧૮)

પૂજન કરતા ભગવાન શ્રીહરિને એકાગ્ર ચિત્તે નિહાળતા મયારામ ભટ્ટ તથા અન્ય વિપ્રોને ભગવાન શ્રીહરિનું ચતુર્ભુજ વિષ્ણુસ્વરૂપે દર્શન થયું. તેઓની આજુબાજુ ધર્મદેવ અને ભક્તિમાતા પણ દેખાયાં. સૌ આશ્ચર્યવત્ જોઈ રહ્યા. શ્રીજીમહારાજે તેમને હસતાં હસતાં કહ્યું : "ભૂદેવો ! કેમ સ્થિર થઈ ગયા ? વિધિ કરાવો."

પણ બ્રાહ્મણો શું બોલે ? થોડીવાર પછી ભગવાન શ્રીહરિની ઈચ્છાથી તેમના સ્વરૂપમાં દેખાતું વિષ્ણુનું સ્વરૂપ અદૃશ્ય થયું ત્યારે સૌ ભાનમાં આવ્યા. ભગવાન શ્રીહરિને હાથ જોડીને કહેવા લાગ્યા : "હે પ્રભુ ! આપ તો સાક્ષાત્ ભગવાન છો, છતાં અમારા કલ્યાણને અર્થે આ પૃથ્વીમાં આપ મનુષ્યરૂપે પ્રગટ થયા છો અને આ સેવા કરી

**અનુસંધાન પેજ નં. ૧૦ પર...**



# પીપલાણા-આખામાં ઓઝતગંગા નદીને તીરે આશ્ચર્યકારી મહાવિષ્ણુયાગ

'विष्णुयागं तेन चक्रे हरिरोजस्वतीतटे । देशान्तरेभ्य आजग्मुर्जनास्तत्र सहस्रशः ।।'

ભગવાન શ્રીહરિએ ઓજસ્વતીને કિનારે **વિષ્ણુયાગ** કર્યો. તેમાં દેશાંતરથી હજારો લોકો આવ્યા.

(શ્રી સત્સંગિજીવન : ૨/૯/૧૧)

સં. ૧૮૫૯માં કાલવાણી ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની સૌપ્રથમ આરતી મુક્તાનંદ સ્વામીએ ઉતારી અને વાલબાઈ-હરબાઈને વિમુખ કરી. પછી પ્રબોધનીનો સમૈયો પૂર્ણ થયો એટલે આખાના નારાયણ દવે તથા પીપલાણાના નરસિંહ મહેતા ભગવાન શ્રીહરિ પાસે આવ્યા અને મહારાજને બે હાથ જોડી **પ્રાર્થના** કરી : "મહારાજ ! અમારે ગામ સંતો હરિભક્તો સહિત પધારો." 'प्रार्थयामासतुस्तं च स्वग्रामागमनाय तौ । ताभ्यां प्रसन्नो वर्णीन्द्रः प्रतिजज्ञे तथैव तत् ।।' (શ્રી સત્સંગિજીવન : ૨/૯/૩)

ભગવાન શ્રીહરિએ **આમંત્રણ** સ્વીકારતાં કહ્યું : "બહુ સારું અમે કાલે આવીશું. અમારી સાથે ત્રણસો જેટલા સંતો-હરિભક્તો પણ આવશે." આ સાંભળી બંને ગામના ભક્તો અત્યંત રાજી થયા.

શ્રીજીમહારાજે આમંત્રણ સ્વીકાર્યું એટલે બંને ગામના હરિભક્તો ખૂબ રાજી થઈને ભગવાન શ્રીહરિ સાથે ત્રણસો જેટલા સંતો-હરિભક્તો હતા, તે તમામ માટે ઉતારા, પાગરણ, રસોઈ વગેરેની તૈયારી કરવા તેઓ તરત જ નીકળી ગયા.

જ્યાંથી આખા ગામ અને પીપલાણાનો મારગ જુદો પડે છે ત્યાં આખા અને પીપલાણા ગામના હરિભક્તો સામૈયું કરવા ઊભા હતા. ઢોલ, તાસાં અને શરણાઈના ઘોષ સાંભળી ખેતર અને વાડીઓના માનવી પણ ત્યાં આવવા લાગ્યા. આ કાંઈ લગ્નનું સામૈયું નહોતું કે ઉત્સવનો આટાટોપ નહોતો. ઢોલના આ ધ્રિબાંગ ધ્રિબાંગ સૂર અંતરતલને જગાડતા હતા. તાસાં અને શરણાઈના સૂરોમાં માયાનો ધ્વંસ કરવાનો ભાવ હતો. જોનારને, સાંભળનારને આ સન્માનના સૂરોમાં દિવ્યતા લાગી.

એટલામા સામેથી ધૂળની ડમરી ઊડતી દેખાણી. હરિભક્તો ઊંચા થઈને જોવા લાગ્યા. ભગવાન શ્રીહરિના દર્શન થયા. સાથે ગાડાં, ઘોડેસ્વારો અને પગપાલા ચાલતા સંતો-હરિભક્તોનો સંઘ દેખાયો. જેમ વસંતમાં ફૂલ પાંગરે, તેમ શ્રીજીમહારાજના દર્શન થતાં જ હરિભક્તોના મન પણ પ્રફુલ્લિત થઈ ગયાં. નારાયણ દવેના મનમાં હતું કે ભગવાન શ્રીહરિ અમારા ગામ આખા પધારે છે. નરસિંહ મહેતાના મનમાં હતું કે ભગવાન શ્રીહરિ અમારા ગામ પીપલાણા પધારે છે. પ્રેમી બંને ભક્તોએ એવો કાંઈ વિચાર કર્યો ન હતો કે શ્રીજીમહારાજ ક્યે ગામ પધારશે. બંનેએ રસોઈનો આદર કરી દીધો હતો.

ભગવાન શ્રીહરિ પધાર્યા. સૌએ સ્વાગત કર્યું, દંડવત્ કર્યા, પગે લાગ્યા. પછી શ્રીજીમહારાજની ચાલવાની રાહ જોતાં ઊભા રહ્યા. પછી ભગવાન શ્રીહરિએ પૂછ્યું : "અમારે પહેલા ક્યે ગામ જવાનું છે ?"

નરસિંહ મહેતાએ તરત કહ્યું : "મહારાજ ! પીપલાણે રસોઈ તૈયાર છે." એટલે નારાયણ દવે તથા તેમના પુત્ર નરસિંહ દવે બોલી ઊઠ્યા : "અરે મહારાજ ! પહેલા તો અમારા ગામ આખે જ

પધારવાનું છે. બધું તૈયાર છે. માટે હાલો, પરિયાણ કરો.''

શ્રીજીમહારાજ તેમનો નિષ્કપટભાવ જોઈ હસ્યા. બંને ભક્તોએ ત્રણસો માણસની રસોઈ કરી હતી. બંનેનો આગ્રહ મહારાજને પોતાને ગામ પહેલા તેડી જવાનો હતો. ભગવાન શ્રીહરિએ મૂંઝવણની સાથે કહ્યું : ''બંને ગામ એકસાથે કેમ અવાય ? વગર વિચાર્યે બંનેએ રસોઈ પણ કરી નાખી ?''

નારાયણ દવે અને નરસિંહ મહેતા સામસામું જોઈ રહ્યા. કોઈને સામે ચાલીને કહેવાની હામ ન રહી. ભગવાન શ્રીહરિએ મુક્તાનંદ સ્વામી તથા મયારામ ભટ્ટને બોલાવ્યા. શ્રીજીમહારાજે તેમને કહ્યું : ''આ બંને ભક્તોએ પોતપોતાને ગામ ત્રણસો માણસની રસોઈ તૈયાર કરી રાખી છે. હવે કોને ત્યાં જવું ? એક રૂપથી બે ગામમાં કઈ રીતે જઈ શકાય ? આનો યોગ્ય ઉકેલ તમો કહો.''

મુક્તાનંદ સ્વામી તથા મયારામ ભટ્ટે વિચાર કરી કહ્યું : **'જ્યારે બ્રહ્માયે વાછરુ હર્યા, તમે સર્વે તણાં રૂપ ધર્યાં; વળી નવલખા પર્વતમાંય, નવ લાખ હતા સિદ્ધ જ્યાંય; નવ લાખ ધરીને સ્વરૂપ, મળ્યા તેને તમે મુનિભૂપ; એવી રીતે કરો પ્રભુ આજ, ત્યારે થાય તે બેયનું કાજ.'** (શ્રીહરિલીલામૃત : ૫/૧૩) - ''મહારાજ ! બંને તમારા એકાંતિક ભક્તો છે, તેથી બંનેના મનોરથ સત્ય કરો. તમે કૃષ્ણાવતારમાં બ્રહ્મા ગોપ બાળકો અને વાછરું હરી ગયા ત્યારે છ મહિના સુધી એવા જ ગોપ બાળકો અને એવાં જ વાછરું બનાવી દિવ્યતા બતાવી હતી. વળી નવલખા પર્વત ઉપર નવલાખ યોગીઓને એક સાથે નવલાખ રૂપ ધરીને દર્શન આપ્યા હતા. તો આ બે ગામના ભક્તોને એકસાથે દર્શન આપવા તેમાં આપને માટે શું અશક્ય છે ? માટે બંને ગામમાં એક સાથે પધારો.''

પછી ભગવાન શ્રીહરિએ પીપલાણાના ભક્તોને બોલાવીને કહ્યું : ''તમે આગળ ચાલતા થાઓ. અમે આવીએ છીએ.'' મહારાજની આજ્ઞા થઈ એટલે તેઓ પોતાના ગામ ભણી ચાલવા લાગ્યા.

પછી શ્રીજીમહારાજે જેટલા સંતો-હરિભક્તો હતા તે સહિત બે સ્વરૂપ ધારણ કર્યા અને એ રીતે આખા અને પીપલાણા બંને ગામ ભણી મહારાજ, સંતો-હરિભક્તોના સમુદાય સહિત એકસાથે બે સ્વરૂપે જવા લાગ્યા.

આખામાં શ્રીજીમહારાજ, સંતો અને હરિભક્તો નારાયણ દવેને ત્યાં જમ્યા. પછી સભા કરીને બિરાજ્યા. સભાની સમાપ્તિ થઈ એટલે નારાયણ દવેએ પૂજન કર્યું. પછી ગામમાં હરિભક્તોને ઘેર-ઘેર પધરામણી કરી.

તે જ પ્રમાણે પીપલાણામાં પણ ભગવાન શ્રીહરિ નરસિંહ મહેતાની રસોઈ જમ્યા. તેની સેવા અંગીકાર કરી, ગામમાં હરિભક્તોને ઘેર પધરામણીએ પધાર્યા. પીપલાણાના હરિભક્તો એમ જાણે છે કે મહારાજ, સંતો-હરિભક્તો સાથે પીપલાણામાં બિરાજમાન થયા છે. આખાના હરિભક્તો જાણે છે કે મહારાજ, સંતો-હરિભક્તો સાથે આખામાં બિરાજમાન છે. આમ દશેક દિવસ ચાલ્યું.



પછી એક દિવસ આખાના **એક હરિભક્ત** પીપલાણે ગયા. અહીં ગામમાં પેસતાં જ તેને કાંઈ નવો ઉત્સાહ દેખાયો. સૌના મુખ ઉપર આનંદ હતો. નરસિંહ મહેતાને ઘેર ગયા તો ત્યાં સાક્ષાત્ ભગવાન શ્રીહરિ અને સંતો-હરિભક્તોના દર્શન થયા. તેને આશ્ચર્ય થયું : મહારાજ અને આ સંતો-હરિભક્તો તો આખામાં બિરાજમાન છે અને અહીં ક્યાંથી ?

તેણે નરસિંહ મહેતાને પૂછ્યું : ''મહારાજ અહીં ક્યારે પધાર્યા છે ?''

ત્યારે નરસિંહ મહેતાએ કહ્યું : ''કેમ વળી ! કાલવાણીથી નીકળી અમને આગળ મોકલીને સીધા અહીં જ આવ્યા છે ! છતાં તમને પ્રશ્ન કેમ થયો ?''

''પણ અમારે ત્યાં આખામાં પણ તે દિવસથી આ બધા સંતો-હરિભક્તો સહિત મહારાજ બિરાજે છે.''

પછી તે હરિભક્તે આખા આવી નારાયણ દવેને તથા બીજા હરિભક્તોને વાત કરી : ''શ્રીજીમહારાજ તો પીપલાણા પણ બિરાજે છે ! તેમજ સંતો-હરિભક્તો સહિત ઘરે ઘરે પધરામણી કરે છે. વળી સભા કરી ઉપદેશ પણ આપે છે.'' આ સાંભળી સૌને આશ્ચર્ય થયું.

પીપલાણામાં આખાના હરિભક્તે જે કહ્યું હતું કે 'મહારાજ સંતો-હરિભક્તો સાથે આખા બિરાજે છે' તે સાંભળી ત્યાંના હરિભક્તોને પણ આશ્ચર્ય થયેલું. પછી પીપલાણાના બે ભક્તો પણ આખા ગામે

તપાસ કરવા ગયા. આ રીતે બંને ગામના હરિભક્તો એકબીજાના ગામમાં જવા લાગ્યા. સૌને પ્રતીતિ થઈ કે ભગવાન શ્રીહરિ આખા અને પીપલાણામાં બે સ્વરૂપે બિરાજે છે.

થોડા દિવસ પછી ભગવાન શ્રીહરિએ બંને ગામમાં હરિભક્તોને આ પ્રમાણે કહ્યું : "અહીં ગામમાં જગ્યા બહુ સાંકડી પડે છે. માટે આપણે ઓઝતને તીરે તંબૂઓ, રાવટીઓ નાખીને ત્યાં વિષ્ણુયાગ કરવો છે. અને હજારો બ્રાહ્મણોને પણ જમાડવા છે."

ભગવાન શ્રીહરિની આજ્ઞા મુજબ ઓઝતગંગા નદીને તીરે ડેરા-તંબૂઓ, રાવટીઓ ઊભા થઈ ગયાં. પાથરણાં પથરાઈ ગયા. વિષ્ણુયાગની તડામાર તૈયારીઓ થઈ ગઈ. હરિભક્તોએ ભગવાન શ્રીહરિને કહ્યું : "મહારાજ ! ઓઝતને કાંઠે બધી વ્યવસ્થા થઈ ગઈ છે."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : "સારું. તમે હવે સાબદા થાઓ. આપણે બધા ત્યાં સાથે જ જઈએ."

ભગવાન શ્રીહરિ આખામાંથી વાજતે-ગાજતે નીકળ્યા. તે પ્રમાણે પીપલાણામાંથી પણ ઢોલ, તાસાં અને નગારાંના ઘોષ કરતા ભક્તજનો સાથે સંતો વગેરે સહિત મહારાજ નીકળ્યા. કેટલાક હરિભક્તો વળાવવા પણ સાથે આવ્યા. ઓઝતગંગાને તીરે બંને સ્વરૂપો ભેગા થયા. ભગવાન શ્રીહરિની ઈચ્છાથી પોતાનાં અને સંતો-હરિભક્તોના બંને સ્વરૂપો પણ એક થઈ ગયા. સૌ આશ્ચર્યવત્ આ જોઈ રહ્યા!!

વિષ્ણુયાગ માટે ભવ્ય તૈયારીઓ થઈ હતી. પદ્મકુંડ તૈયાર કર્યો હતો. વેદજ્ઞ વિપ્રો આવી ગયા હતા. યજ્ઞની શુભ શરૂઆત થઈ અને બ્રાહ્મણોના વેદમંત્રો અને હુતદ્રવ્યના હોમથી પીપલાણામાં વેદકાળના સમયની ઝાંખી થવા લાગી. બ્રાહ્મણો અનુષ્ઠાન કરવા લાગ્યા. કેટલાક ગીતાપાઠ, કેટલાક વ્યાસસૂત્ર, યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ, દશમ સ્કંધ, વાસુદેવ માહાત્મ્ય, વિષ્ણુસહસ્રનામ વગેરે ગ્રંથોનો પાઠ કરવા લાગ્યા. વેદમંત્રોના ઘોષ પણ વેદપાઠી બ્રાહ્મણો કરવા લાગ્યા.

આ **મહાવિષ્ણુયાગ** હતો - પરોક્ષ તજી પ્રત્યક્ષને ભજવાનો. આ મહાવિષ્ણુયાગ હતો - લુપ્ત થયેલી વૈદિક વિધિને પુનઃ સ્થાપવાનો. આ મહાવિષ્ણુયાગ હતો - અનેક વિષ્ણુયાગોના **મંગળ પ્રારંભનો.**

ઓઝત અને ઉબેણ નદીનો જ્યાં સંગમ થાય છે ત્યાં જ સભામંડપ, યજ્ઞમંડપ, પાકશાળા તથા ઉતારાઓની **સુંદર વ્યવસ્થા** કરવામાં આવી હતી. બંને નદીઓના બંને કાંઠાઓ ડેરા-તંબૂ અને રાવટીઓથી ભરપૂર હતા. તેમાં રહેલા હરિભક્તો ધૂનના ધ્વનિઓ અને કીર્તનના સ્વરો, જયજયકારનો ઝણકાર ઓઝત-ઉબેણના ખળખળ અવાજમાં ભળી સમુદ્ર ભણી ગતિ કરતા હતા.

ભગવાન શ્રીહરિએ યજ્ઞમંડપમાં વિપ્રો દ્વારા ચંદન, પુષ્પો, અક્ષત વગેરે ઉપચારો વડે યથાશાસ્ત્ર કૂર્મ અને શેષની પૂજા કરી. દેહશુદ્ધિ યથાશાસ્ત્ર કરાવી. યજ્ઞમંડપની સિદ્ધિ માટે પૂર્વમંગળ કરાવ્યું. પછી ભગવાન શ્રીહરિએ મંડપની ભૂમિ એક હાથ ઊંચી કરાવી હતી.

નરસિંહ મહેતાના સમગ્ર પરિવારે આ વખતે દ્રવ્ય ખરચી મહારાજને રાજી કરી લેવાનો નિર્ણય કરી લીધો હતો. એટલે ત્યાં ઘી-સાકર અને સીધાના ગંજ ખડકાઈ ગયા હતા. બ્રાહ્મણો રસોઈ બનાવતા હતા, મહારાજ પીરસતા હતા. જમી જમીને થાકતા બ્રાહ્મણો વિદાય લેતા ત્યારે પુષ્કળ દક્ષિણા પણ પામતા.

આમ, આ મહાવિષ્ણુયાગ, બ્રહ્મભોજન, હરિભક્તોના સમૂહમાં કથા-કીર્તનના પ્રસંગો **છ માસ** ચાલ્યા. સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી 'શ્રી સત્સંગિજીવન' ગ્રંથમાં કહે છે : 'ततः स पिप्पलग्रामं तस्मिन्नेव दिने ययौ । उभयोर्ग्रामयोस्तत्र षण्मासानवसत्प्रभुः ।।' - ભગવાન શ્રીહરિ આખા તેમજ પીપલાણા બંને ગામમાં છ માસ સુધી રોકાયા. બંને ગામમાં એક જ સાથે બે સ્વરૂપ ધારણ કર્યાં. સાથેના સંતો-હરિભક્તો રૂપે પણ પોતે જ થયા હતા.

ભગવાન શ્રીહરિએ યથાશાસ્ત્ર વિષ્ણયાગની **પૂર્ણાહુતિ** કરાવી. હજારો બ્રાહ્મણોને યથેષ્ટ ભોજનોથી **તૃપ્ત** કર્યા. તેમજ હજારો ભક્તજનોને પણ વિવિધ ભોજનોથી તૃપ્ત કર્યા.

## અનુસંધાન પેજ નં. ૦૭ નું ચાલું...

વાવને તીર્થત્વ આપ્યું છે."

બ્રાહ્મણોના આવાં સ્તુતિ વચનો સાંભળી ભગવાન શ્રીહરિએ તેમના તરફ આશીર્વાદ વર્ષતી અમૃતદૃષ્ટિ કરી. તેથી સર્વે બ્રાહ્મણો કૃતકૃત્ય થઈ ગયા. ત્યારબાદ દરેક બ્રાહ્મણોને મિષ્ટ ભોજન જમાડી તૃપ્ત કર્યા અને દક્ષિણા આપી.

ભગવાન શ્રીહરિના આશીર્વાદથી ગામના પાદરની પુરાતની પુરાઈ ગયેલ વાવમાં મધુર જળ આવ્યું હતું, તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરી વિશેષ પ્રસાદીની કરી છે. આ વાવ આજે પણ ભવ્ય શિખરબદ્ધ મંદિરમાં જ અખૂટ જળથી ભરેલી છે. આ વાવનો આજે જીર્ણોદ્ધાર કરી નયનરમ્ય કલાત્મક રીતે નિર્માણકાર્ય કરવામાં આવ્યું છે. આજે માંગરોળ જતાં સંપ્રદાયના આશ્રિતજનો આ વાવનાં દર્શન કરી, તેનું જળ પણ પ્રસાદીનું જાણી પોતાના ઘરે લઈ જાય છે અને બિમાર વ્યક્તિને એ જળનો મહિમા જાણી પાન કરાવે છે. શુભ પ્રસંગે પૂજામાં પણ વાપરવામાં આવે છે. તેમજ દેવોનો અભિષેક પણ આ પ્રાસાદિક વાવના જળથી જ કરવામાં આવે છે.



# ભગવાન શ્રી સ્વામિનારાયણે કારિયાણીમાં તળાવ ગળાવીને વિષ્ણુયાગ કર્યો

**'महान्तं वैष्णवं यागं पिप्पलग्रामवत्प्रभुः । विदधे तेन तत्रैव जनयज्जनविस्मयम् ।।'**

**શ્રીહરિકૃષ્ણ ભગવાને લોકોને આશ્ચર્ય ઉત્પન્ન કરતાં, પીપલાણા ગામની માફક કારિયાણી ગામમાં પણ અતિ મહાન વિષ્ણુયાગ કર્યો.**

(શ્રી સત્સંગિજીવન : ૨/૨૮/૩૫)

સં. ૧૮૬૧માં સરધારમાં જન્માષ્ટમીના ઉત્સવમાં આવેલા કારિયાણીના માંચાખાચરે ભગવાન શ્રીહરિને **પ્રાર્થના** કરી : "પ્રભુ! આપને મારી એક વિનંતી છે. આપ, સોરઠ દેશના હરિભક્તોને વિશેષ લાભ આપો છો. અમારા પાંચાળ દેશમાં પણ સૌને આપના દર્શન, સેવા-સમાગમનો લાભ મળે એવી મારી વિનંતી સ્વીકારવા કૃપા કરો."

ભગવાન શ્રીહરિ તેમનો ભાવ જાણતા હતા. પૂર્વે માર્ગીપંથમાં હતા છતાં નિષ્કામ ધર્મ દૃઢ પાળ્યો હતો. અર્થના દોષમાં પણ લેપાયા ન હતા. શ્રીજીમહારાજે તેમને કહ્યું :

**'રામાનંદજીના શિષ્ય પ્યારા, વળી સારા છો શિષ્ય અમારા;**
**રામાનંદજી તમારે ઘેર, પધાર્યા હતા ઉત્તમ પેર.**
**અમે પણ આવશું એ જ રીતે, તમે નિશ્ચય રાખજો ચિત્તે,**
**સરધારના ભક્તોને અમે, એવું વચન આપ્યું એક સમે.**
**ચાલતે વર્ષ ચાતુરમાસ, વસશું સરધારમાં વાસ;**
**મારું વેણ મિથ્યા કેમ થાય, ચોમાસામાં ન ક્યાંઈ જવાય.**
**પ્રબોધિની કરીને આ ઠામ, પછી આવશું આપને ગામ;**
**કહી એવું ને કીધા વિદાય, સરધાર રહ્યા હરિરાય.'**

(શ્રીહરિલીલામૃત : ૫/૨૫)

"અમોએ અહીં પ્રબોધિની એકાદશી સુધી રોકાવાનું અહીંના ભક્તોને વચન આપ્યું છે તે મિથ્યા નહિ થાય. પછી તમારે ત્યાં જરૂર આવશું. તેમાં કોઈ સંશય નથી. હાલ તો તમે તમારે ગામ જાઓ અને મુમુક્ષુઓને સત્સંગની વાત કરો."

ભગવાન શ્રીહરિએ આમંત્રણ સ્વીકાર્યું તેથી માંચાખાચર અત્યંત રાજી થયા. શ્રીજીમહારાજને સાષ્ટાંગ નમસ્કાર કરી પોતે સરધારથી કારિયાણી જવા નીકળ્યા. બીજે દિવસે (એકાદશીના દિવસે) માર્ગમાં આવેલા ગઢપુર પહોંચ્યા. ત્યાં રાત પડી ગઈ. અહીં બાપુ એભલખાચરના દરબારમાં તેઓ સીધા આવ્યા. આખી રાત્રિ બેસીને માંચાખાચરે ગઢપુરના રાજા એભલખાચરને વાતો કરી ભગવાનનો દૃઢ નિશ્ચય કરાવ્યો અને કહ્યું : "હમણાં તો તે ભગવાન શ્રીહરિ પ્રબોધિની સુધી સરધારમાં રોકાશે. પછી કારિયાણી આવશે ત્યારે હું તમને ખબર કહેવરાવીશ. ત્યારે તમે જરૂર આવશો." માંચાખાચરે બાપુ એભલખાચરની જિજ્ઞાસા સંતોષી. બાપુને આનંદ થયો કે પ્રભુના દર્શન થોડા વખતમાં કારિયાણીમાં થશે!

શ્રીજીમહારાજ સરધારમાં પ્રબોધિનીનો ઉત્સવ કરી અનેક સંતો-હરિભક્તોને સાથે લઈ ગામડાઓમાં ભાવિક ભક્તોને દર્શન આપતાં કારિયાણી ગામમાં પધાર્યા. માંચાખાચરને સમાચાર મળ્યાં એટલે તુરંત અનેક પ્રકારના વાજિંત્રો લઈને ભક્તોની સાથે ભગવાન શ્રીહરિની સન્મુખ આવ્યા. ભગવાન શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી ચંદન-પુષ્પાદિકવડે પૂજન કર્યું અને પોતાના દરબારગઢમાં પધારવા વિનંતી કરી. તેમનો ભાવ જોઈ

શ્રીજીમહારાજ તેમના ભવનમાં પધાર્યા. પછી માંચાખાચર અને રાઘવ, વૈકુંઠ, વસ્તાખાચર, વેલજી, વિક્રમભાઈ, વીરા પટેલ, કમાભાઈ, કર્ણાભાઈ, દેવાભાઈ, ગોબરભાઈ, હીરાભાઈ અને પંચાયનભાઈ વગેરે ભક્તજનો દાસની માફક ભગવાન શ્રીહરિની સેવા કરવા લાગ્યા.

જે દિવસે ભગવાન શ્રીહરિ કારિયાણીમાં પધાર્યા, તે દિવસે કારતક સુદ પૂનમ હતી. તેથી સર્વે ભક્તજનોએ ભગવાન શ્રીહરિનું વસ્ત્રાદિકે કરીને પૂજન કર્યું. તે સમયે માંચાખાચર વગેરે સમગ્ર ભક્તોને ભગવાન શ્રીહરિનાં શ્રીકૃષ્ણરૂપે વાંસળી વગાડતા દર્શન થયાં અને ફરીને વર્ણીવેશ સ્વરૂપે દર્શન થયા. તેથી ભગવાન શ્રીહરિને જ સર્વોપરી સર્વાવતાર ધારણ કરનાર પુરુષોત્તમ નારાયણ જાણતા માંચાખાચરે **સ્તુતિ** કરી :

"હે નીલકંઠ ! તમો સર્વોત્કર્ષથી વર્તો છો. અનાદિ માયાના પાશથી બંધાયેલા જીવોને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી મુકાવનાર, શુદ્ધસ્વરૂપ,નિરવધિક બુદ્ધિના સાગર, અસુરજનોને મનુષ્યનાટ્યથી મોહ પમાડનારા, શ્રી ધર્મની પત્ની જે ભક્તિના પુત્ર, પોતાના શરણે આવેલા જનને જીવનરૂપ, સકલ ઐશ્વર્ય સંપન્ન-**ભગવાન શ્રીહરિકૃષ્ણ** ! તમોને નિરંતર **નમસ્કાર** થાઓ.

હે શ્રીહરે ! અક્ષરથી પર આ પ્રમાણે શ્રુતિથી વર્ણન કરાયેલા; અક્ષરબ્રહ્મધામમાં નિવાસ કરતા તમોને આ અવસરમાં પામીને કૃતાર્થ થયેલો છું. અનેક સાધનો-સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિની વૃદ્ધિના સામર્થ્યથી ત્યાગ કર્યાં છે માયિક ત્રણ ગુણનાં કાર્યો, (ભૂત, ઈન્દ્રિયો, અંતઃકરણ) જેમણે એવા માટે જ બ્રહ્મભાવ પામેલા જીવોએ પણ પરબ્રહ્મ તમો તે અમારા નયનગોચર ઉપાસ્ય છો. તે પરબ્રહ્મ વાસુદેવ તમો રજોગુણ અંગીકાર કરી બ્રહ્મા અને દક્ષાદિરૂપે વિશ્વને ઉત્પન્ન કરો છો. સત્ત્વગુણ અંગીકાર કરી વિષ્ણુ અને ધર્મ પ્રજાપતિ આદિ રૂપો ધારણ કરતાં વિશ્વનું રક્ષણ કરો છો. તમો તમોગુણ અંગીકાર કરી શિવ અને અનંત (શેષ) આદિ જેમાં છે એવાં રૂપોવાળા થઈને પ્રલયકાળમાં સર્વ વિશ્વનો વિનાશ કરો છો. રજ આદિ ગુણો અને તેનાં કાર્યોમાં બંધાયેલા નહિ માટે સત્ત્વાદિ ત્રણ ગુણોના સ્વામી છો. માટે સર્વાધિપતિ આ પ્રમાણે શ્રુતિઓએ વર્ણન કરેલા છો. પરબ્રહ્મ-સ્વતંત્ર તમો પોતાના સંકલ્પથી જ પ્રત્યેક યુગમાં **દિવ્ય અવતારો** ધારણ કરો છો. કાળથી નાશ પામેલા શાસ્ત્રોક્ત **ધર્મ**ને ફરીથી પ્રવર્તાવીને અસુરોથકી સત્પુરુષોનું **રક્ષણ** કરો છો.

હે હરે ! તમોએ વરાહાકૃતિ ધારણ કરી રસાતલથી પોતાની દાઢના અગ્રભાગથી ઉપાડેલી, પર્વતો અને ગહન વનોએ સહિત એવી સ્વશક્તિ અર્થાત્ તેજ રૂપ પોતાની ઐશ્વર્ય શક્તિથી યુક્ત ધરાને મહાબળવાન હિરણ્યાક્ષને મારીને એકાર્ણવ જળની ઉપર પૂર્વની માફક સ્થાપન કરી હતી. હે મનોરથોને પૂર્ણ કરનાર ! રુચિ નામના પ્રજાપતિએ ઘણા પ્રકારે કરેલી પ્રાર્થનાથી વશ થયેલા સર્વજનોના હિતકારી તમો યજ્ઞ શરીરવાળા, દક્ષિણા નામની પત્નીએ સહિત આવિર્ભાવ પામીને ત્રિભુવનના રક્ષક, યજ્ઞરૂપ તમોએ સ્વયંભૂ મનુના રક્ષણ માટે અસુરસમુદાયનો નાશ કર્યો હતો. પૃથ્વીમાં ભરતખંડમાં જન્મ જેમના છે એવા, ધર્મમતિવાળા, તમોને ભજતા સાધુપુરુષોના હૃદયમાં ધર્મકુળની અભિવૃદ્ધિ માટે તમોએ નરનારાયણ રૂપ ધારણ કર્યું. તમોએ કર્દમ પ્રજાપતિના પુત્ર કપિલ નામે થઈ કાળથી તિરોહિત સાંખ્યજ્ઞાન પ્રથમ પોતાની માતા દેવહૂતિને આપ્યું. પછી શિષ્ય જે આસુરી નામના ઋષિ તેને પણ આ સાંખ્યજ્ઞાન આપ્યું. પછી સમુદ્રના દ્વીપમાં (બેટમાં) નિવાસ કરીને તપ કરતા હતા. તમોએ અત્રિઋષિપુત્ર દત્તાત્રેય નામવાળા થઈને બ્રાહ્મણાદિ ચાર વર્ણના ધર્મોએ સહિત આશ્રમધર્મો પૃથ્વીમાં પ્રથમ સારી રીતે સ્થાપ્યા. ઐહિક- રાજ્યાદિ ભોગ સહિત મુક્તિ; સહસ્રાર્જુન અને યદુ રાજાને પણ આપી. નવીન મેઘ સમાન શ્યામ મૂર્તિવાળા વાસુદેવ તમોએ શ્રેષ્ઠ ચાર હાથમાં શંખ-ચક્ર-ગદા-પદ્મ ધારણ કરતા થકા ઉત્તાનપાદના પુત્ર ધ્રુવને વર આપીને મધુવનવાસી જનોને પોતાનાં દર્શન આપવાથી ઉદ્ધાર કર્યો. તમોએ વેન રાજાના પુત્ર પૃથુ રૂપે થઈને પૃથ્વી પ્રત્યે ઔષધીઓનું દોહન કર્યું; આ પૃથ્વીનું તળ સરખું કર્યું, ભગવાન અને વેદાદિની નિંદા કરનાર મહાપાપી પોતાના પિતા વેનને પણ સ્વર્ગમાં મોકલીને **પ્રથમ રાજા** થયા.

"
પરબ્રહ્મ-સ્વતંત્ર તમો પોતાના સંકલ્પથી જ પ્રત્યેક યુગમાં **દિવ્ય અવતારો** ધારણ કરો છો. કાળથી નાશ પામેલા શાસ્ત્રોક્ત **ધર્મ**ને ફરીથી પ્રવર્તાવીને અસુરોથકી સત્પુરુષોનું **રક્ષણ** કરો છો.
"

હે દિવ્ય મૂર્તિ! નાભિ રાજાથી તેમની પત્ની સુદેવીમાં પ્રગટ થયેલા ઋષભ નામવાળા તમોએ સો યજ્ઞો કરી પોતાના પુત્રો આદિને પ્રવૃત્તિધર્મમાં રહેલા એકાંતિક ધર્મો કહ્યા અને પરમહંસાશ્રમમાં રહેલા ત્યાગીજનોને પરમહંસધર્મના આચરણથી નિર્માનાદિ ધર્મો શીખવ્યા. તમોએ **હયગ્રીવ રૂપે** થઈને બ્રહ્માના દિવસના અંતમાં બ્રહ્માના મુખથી નીકળી પડેલા (અર્થાત્ વિસ્મૃત થયેલા) વેદો બ્રહ્માને (ઉપદેશ દ્વારા) પાછા લાવી આપ્યા અને **મત્સ્યાવતાર** ધારણ કરીને પણ બ્રહ્માને વેદોનું દાન આપી સત્યવ્રત રાજાને સમગ્ર વર્ણાશ્રમનો સદાચાર કહેતા હતા. તમોએ જ કૂર્માકૃતિ થઈને, દુર્વાસા મુનિના શાપથી જેમની લક્ષ્મી નાશ પામી છે એવા દેવસમૂહને દારિદ્રદુઃખથી રક્ષણ કરવા ક્ષીરનિધિના મંથનનો આરંભ કર્યો ત્યારે; મંદરાચળને લાખ યોજન વિસ્તારવાળા પોતાના પીઠપ્રદેશમાં ધારણ કર્યો. પછી અસુરોના મોહ માટે કપટથી મોહિની સ્વરૂપ ધારણ કરી દેવોને અમૃતનું પાન કરાવ્યું હતું.

અતિ તીવ્ર વેગવાળા જેણે કેસરી સિંહોને પણ પરાભવ પમાડ્યા છે એવા અતિ ક્રોધાયમાન આકૃતિવાળા, અખંડ અતિશય હાસ્યના શબ્દોથી ભેદી નાખ્યું છે બ્રહ્માંડ જેણે એવા નર અને સિંહ ઉભયની આકૃતિવાળા નૃસિંહરૂપે તમોએ મદથી ઉદ્ધત આદિ દૈત્ય હિરણ્યકશિપુને નખોના અગ્રભાગોથી વિદારણ કરી નાખ્યો અને વૈરાગ્યવાળા પોતાના ભક્ત પ્રહ્‌લાદને પિતાના રાજ્યસ્થાનમાં બળાત્કારે બેસાડ્યો.

તમે વામનરૂપે વિનયથી નમ્ર ખભાવાળા બ્રહ્મચારીના વેશવાળા કશ્યપના પુત્ર થઈને ત્રણ પગલાં (ભૂમિ)ના મિષથી બલિ રાજાનું મહાન ભૂરાદિ ત્રણ લોકનું અધિપતિપણું દેવોમાં શ્રેષ્ઠ ઈન્દ્રને આપ્યું. અને મહાન સુતલ લોકમાં રહેનારા દૈત્યોનું રાજ્ય બલિ રાજાને આપ્યું. જે તમો સ્વાયંભુવ મનુઓ તથા સપ્ત ઋષિઓ અને યજ્ઞભાગ જમનારા દેવો તથા ઈંદ્રોની સ્થિતિ કરવા ત્રિલોકીના રક્ષણ નિમિત્તે **રાજરાજ** આ પ્રકારની સંજ્ઞાવાળા અવતારો ધારણ કરો છો.

તમોએ આ લોકમાં **ધન્વંતરી** નામે રોગોને નાશ કરનાર સંજ્ઞાવાળા થઈને આયુર્વેદને કહ્યો. દરેક યજ્ઞમાં દેવોએ રોકેલો પછી નમ્ર થયેલા દેવોએ આપેલો યજ્ઞ સંબંધી પોતાનો ભાગ પોતાના તેજથી પામ્યા. તમોએ જમદગ્નિના પુત્ર **રામ** થઈને તીવ્ર ધારવાળી ફરશી ધારણ કરતા ચોતરફ લાલચોળ નેત્રવાળા કોઈની સહાય વિના એકાકી સહસ્રાર્જુને સહિત અતિ ક્રૂર ક્ષત્રિય જાતિને એકવીશ વાર નાશ કરી પૃથ્વીથી નષ્ટ કર્યું છે ક્ષત્રિયબીજ જેમાં એવી કરી.

> તમો જ્યારે જ્યારે અસુરોએ કરેલી ધર્મહાનિ જુઓ છો ત્યારે ત્યારે પૃથ્વીમાં **અવતારો** ધારણ કરો છો તે શરીરો ક્યારેક માતા અને પિતાના યોગથી ધારણ કરો છો

**રામાવતાર સમયે** :- તમો દશરથ રાજાના પુત્ર રામચંદ્રરૂપે પ્રાદુર્ભાવ પામ્યા, સુકેતુ રાક્ષસની પુત્રી તાડકા અને વિશ્વામિત્રના યજ્ઞનો નાશ કરનાર રાક્ષસોને નાશ કરી, અહલ્યાનો પણ ઉદ્ધાર કરી, શિવ ધનુષ્ય ભાંગીને સીતાને પરણ્યા પછી પિતાની આજ્ઞાથી નાનાભાઈ લક્ષ્મણજી અને પોતાની પત્ની જાનકીથી અનુસરેલા, અરણ્યમાં ગયા. રાક્ષસાધિપતિ રાવણની બહેન સુર્પણખાને વિરૂપ કરી ઘણા ઋષિઓના શત્રુઓને (અસુરોને) હણ્યા. ત્યારબાદ તમો રાવણે હરણ કરાયેલી પોતાની પત્ની જાનકીનો અધિક શોક કરતા સતા જટાયુ નામના પક્ષીન્દ્ર, કબન્ધ અને ભીલ જ્ઞાતીય શબરીનો ઉદ્ધાર કરી વાલીનો નાશ કરવાથી ભય રહિત, માટે જ પ્રસન્ન થયેલા સુગ્રીવના દૂતો હનુમાન આદિ દ્વારા સીતાને આ લોકમાં ખોળીને વિસ્તારવાળા સમુદ્રમાં પુલ બાંધી લંકાપુરીમાં જઈ વાંદરા-રીંછોના સૈન્યવાળા થકા યુદ્ધમાં રાવણને મારી સીતાને પામી અયોધ્યામાં આવી રાજાધિરાજ થયા.

**વ્યાસાવતાર સમયે** :- તમો પરાશરસુત વ્યાસરૂપે થઈ કળિયુગમાં લોકોની બુદ્ધિને અતિ અલ્પ જાણીને વેદસમુદાયનો ચાર પ્રકારે વિભાગ કરી પૈલ આદિ મુનિઓને તે ભણાવ્યા હતા. પછી તેના ન જાણી શકાય એવા અર્થોને સ્પષ્ટ કરવા શ્રીમદ્‌ ભાગવત પુરાણ અને સૂત્ર (શારીરક આદિક સૂત્ર) રચ્યાં હતાં.

**કૃષ્ણાવતાર સમયે** :- હે હરે ! તમો પૃથ્વીનો ભાર ઉતારવા માટે શ્રીકૃષ્ણ નામવાળા થયા. તમોએ ગોકુળમાં પૂતનાનો નાશ કર્યો. તૃણાવર્ત નામનો અસુર-શકટાસુર આદિ અસુરોને બાળચેષ્ટાથી જ મારી નાખ્યા. પુત્રના સ્નેહથી મોહ પામેલાં મૃત્તિકાભક્ષણની પરીક્ષામાં પ્રવર્તેલાં યશોદા માતાને પહોળું મુખ કરી ઉદરની અંદર વિભાગે સહિત રહેલું સમગ્ર વિશ્વ બતાવ્યું. (બીજી બાલ્યોચિત ક્રીડાઓ બતાવે છેઃ) દહીં વલોવવાની ગોળી ભાંગવી, માખણ ચોરવું, યશોદાએ કરેલા તિરસ્કાર સહન કરવા, યમલાર્જુનનાં બંને વૃક્ષોને મૂળમાંથી ઉખેડી નાખવાં વગેરે લીલા ગોકુળમાં કરી હતી. પછી વૃંદાવનમાં બકાસુર અને વત્સાસુરનો વિનાશ, અઘાસુર વગેરેનો નાશ કર્યો. પોતે સ્વીકાર કરેલી વત્સ અને ગોપાદિ આકૃતિઓથી બ્રહ્માને મોહ પમાડ્યો તેમજ ગોવર્ધન પર્વત-વૃંદાવનનાં વૃક્ષો અને તેના ઉપર બેઠેલાં પક્ષીઓ તેમની બળદેવની આગળ મહાભાગ્યપણે પ્રશંસા-કાલિય નાગનું મર્દન, દાવાગ્નિનું પાન-વ્રજકન્યા સંબંધી વ્રતના આચરણથી તેણીઓએ ઈચ્છિત વસ્તુનું આપવું. યજ્ઞમાં નિષ્ઠાવાળા બ્રાહ્મણોની પત્નીઓનાં અન્નભોજનથી પ્રસન્નતા, પોતાને ઈષ્ટ ગોવર્ધન પર્વતને સાત દિવસ સુધી પોતાના હાથમાં ધારણ કરવાથી વ્રજના પશુસમૂહ સહિત વ્રજવાસીજનોનું રક્ષણ, ઈન્દ્રના ગર્વનો નાશ, પ્રચેતાના (વરુણના) સમીપથી નંદરાજાનું લાવવું, પોતાને પ્રિય નંદાદિ ગોપોને પોતાના અક્ષરધામમાં પહોંચાડવા, વ્રજની અંગનાઓની સાથે રાસોત્સવથી રમણ (રમવું), રાધિકાને એકાંતમાં લઈ જવાથી પ્રીતિનું ઉત્પન્ન કરવું, અજગરે ગળેલા પિતા નંદનું અજગરના વિનાશપૂર્વક મુકાવવું, શંખચૂડ અરિષ્ટાસુર વ્યોમાસુર અને કેશી (અશ્વાકૃતિ) અસુર તેઓનો વિનાશ-અક્રૂરના વાક્ય શ્રવણથી પોતાની પુરી (મથુરાપુરી) માં આવ્યા, રંગકારનો નાશ, દરજી-ત્રણ વાંકવાળી કુબ્જા અને સુદામા નામના માળીના ઉપર અનુગ્રહ, કંસે પૂજેલા ધનુષ્યનું ભાંગવું, કુવલયાપીડ નામનો હાથી-મહાન મલ્લો અને કંસને માર્યા, ગુરુ સાંદીપનિના મનોરથને પૂર્ણ કર્યા. ગોપીઓના મનને શાંતિ પમાડી, અક્રૂર-કુબ્જા-કુંતી તેઓને યથાયોગ્ય પ્રસન્ન કર્યા, વિશ્વકર્મા દ્વારા દ્વારિકાનું નિર્માણ, કાલયવન, જરાસંધના સૈન્યોનો ક્ષય, રાજ સમુદાયનો પરાભવ કરી રુક્મિણ્યાદિ આઠ પટરાણી અને સોળ હજાર સ્ત્રીઓને પરણવું, વિપ્રના અપરાધથી કાંચીડાની યોનિ પામેલા નૃગરાજને તેથી મુકાવવું, બાણાસુરના હસ્તોનું છેદન, યુધિષ્ઠિરના યજ્ઞનું જરાસંધના વિનાશપૂર્વક રક્ષણ,

શિશુપાલ અને શાલ્વ જેમાં છે એવા દંતવક્રાદિનો નાશ, મિત્ર બ્રાહ્મણ સુદામાના દારિદ્રયનો વિનાશ, કુરુક્ષેત્રમાં સૂર્યગ્રહણ સમયે યાત્રોત્સવ, પોતાના મોટાભાઈઓ જે કંસે મારી નાખેલા (જે બ્રહ્મશાપથી આસુરપણાને પામેલા હતા) તેઓને બ્રહ્મશાપથી મુકાવવા પૂર્વક પાછા લાવી દેવકીને દેખાડવાથી તેઓને આનંદ પમાડ્યા તથા બહુલાશ્વ નામવાળો મિથિલાનો અધિપતિ વૈદેહ-અર્જુન-ઉદ્ધવ તેઓનો (સદુપદેશથી) મોહનાશ એ સર્વે કાર્યો હે ભગવાન! તમો કરતા હતા.

**બુદ્ધાવતાર સમયે** :- હે હરે ! બુદ્ધાકૃતિ ધારણ કરીને વેદોક્ત કર્માનુષ્ઠાનના માર્ગનો આશ્રય કરી રહેલા ત્રણે ભુવનોમાં રહેનારા જનોને પીડા કરતા અસુરસમૂહોને ઉપધર્મોના બોધથી મોહ પમાડતા હતા.

**કલ્કિ અવતાર સમયે** :- તમો કળિયુગના અંતમાં વિષ્ણુયશ નામના બ્રાહ્મણના પુત્ર કલ્કી થઈને તીક્ષ્ણ ધારવાળી મોટી તલવાર હાથમાં જેમને છે એવા થકા ભૂમિના તળમાં વિચરતા, દેવોએ આપેલા અશ્વ ઉપર બેસીને ભૂતળમાં વિચરતા થકા મ્લેચ્છપ્રાય કુબુદ્ધિવાળા પાપીજનોનો નાશ કરશો તે પણ તમો જ છો.

તમો જ્યારે જ્યારે અસુરોએ કરેલી ધર્મહાનિ જુઓ છો ત્યારે ત્યારે પૃથ્વીમાં **અવતારો** ધારણ કરો છો તે શરીરો ક્યારેક માતા અને પિતાના યોગથી ધારણ કરો છો (એ રામકૃષ્ણાદિ અવતારોમાં પ્રસિદ્ધ છે.) ક્યારેક એક પિતાથી જ ધારણ કરો છો (તે પણ વૈન્ય-વરાહાદિમાં પ્રસિદ્ધ છે.) અને ક્યારેક અતર્કિત (અચિંતિત) ગમે તે કોઈ ઠેકાણે પણ પોતાની ઈચ્છાથી પોતે પ્રકાશો છો. (આ મત્સ્ય-કૂર્મ-નૃસિંહ-ધન્વંતરી વગેરેમાં પ્રસિદ્ધ છે.)

હે પ્રભો ! તમારે અવતાર ધારણ કરવાનું તો વેદોક્ત વર્ણાશ્રમ ધર્મમાર્ગનું સર્વ પ્રકારે રક્ષણ કરવા માટે છે. માટે ભૂતળમાં આ સમયે અસુરાંશ ગુરુ-રાજા આદિ દુષ્ટજનોએ વિનાશિત ધર્મમાર્ગને સારી રીતે પાલન કરતા થકા સર્વાવતારને ધારણ કરનાર પુરુષોત્તમ, તમો સર્વોત્કર્ષપણાથી શોભો છો. સ્વતંત્ર તમો પૃથ્વીમાં આવિર્ભાવ પામીને જે જે **ચરિત્રો** કરો છો તે તે ચરિત્રો ત્રિવિધ તાપથી તપાયમાન થયેલા જનોને હિત કરનારાં છે અર્થાત્ ત્રણ તાપને નાશ કરનારાં છે. અલૌકિક માટે જ અતિરમણીય તમારા અવતારો અને ચરિત્રો **અનંત** હોવાથી કોઈ પણ પુરુષે અથવા બ્રહ્માએ પણ ક્યારેય ગણવા માટે શક્તિમાન થવાતું નથી.

આ રીતે માંચાખાચરે ભગવાન શ્રીહરિની સ્તુતિ કરીને પોતાના દરબારગઢમાં નિવાસ કરવા માટે વિનંતી કરી. ત્યારે ભગવાન શ્રીહરિએ કહ્યું : "અમે વસંતપંચમી સુધી તમારા દરબારગઢમાં નિવાસ કરીને રહીશું."

પછી કારિયાણીથી માંચાખાચરે પત્ર લખીને દૂત દ્વારા ગઢપુર મોકલ્યો. અભયરાજાએ તે પત્ર વાંચીને કુટુંબીજનોને કહ્યું : "ભગવાન શ્રી સ્વામિનારાયણ કારિયાણી પધાર્યા છે, માટે તેઓના દર્શન કરવા તત્કાળ જઈએ."

પછી સર્વે કુટુંબીઓ સાથે રથ અને ઘોડાદિક વાહનો લઈ તે જ દિવસે **અભય પરિવાર** કારિયાણી આવ્યા અને ભગવાન શ્રીહરિના દર્શન કરી ષોડશોપચારથી પૂજન કર્યું. એભલખાચરે **સ્તુતિ** કરી ગઢપુરમાં પધારવા **વિનંતી** કરી. તેથી ભગવાન શ્રીહરિએ કહ્યું : "હું તમારો નિર્દોષ અભિપ્રાય જાણું છું તેથી જરૂર તમારા પુરમાં આવીશ, પરંતુ વસંતોત્સવ સુધી કારિયાણીમાં રહેવાનું અમે માંચાખાચરને વચન આપ્યું છે તેથી ત્યાં સુધી અમે અહીંથી તમારી સાથે આવી નહિ શકીશું. અને ત્યારપછી તમારે ત્યાં આવી ફાગણમાસમાં આવતો પુષ્પદોલોત્સવ કરીશું."

ભગવાન શ્રીહરિના આવા વચનો સાંભળી **એભલખાચર** બોલ્યા : "હે પ્રભુ ! જ્યાં સુધી તમો ગઢપુર નહિ આવો ત્યાં સુધી હું મારા કુટુંબપરિવાર સાથે અહીંયા જ રહીશ." પછી એભલખાચર, તેઓની બે પત્નીઓ, ઉત્તમ (દાદાખાચર) પુત્ર અને જયા, લલિતા, પાંચાલી તથા નાની આ ચારેય પુત્રીઓ કારિયાણીમાં નિવાસ કરીને રહ્યા અને ભગવાન શ્રીહરિના દર્શન સુધી લીધેલ ધારણાં-પારણાં નામનું **વ્રત સમાપ્ત** કર્યું.

> પશુહિંસા કરતા,
> યજ્ઞનું નૈવેદ્યનું માંસ ખાતા,
> મદ્યપાન કરતા અને તેના
> અનિષ્ટ રૂપે વિષયભોગ પણ
> ભોગવતા. આ અનિષ્ટોનું મૂળ
> હિંસામય યજ્ઞો હતા.
> આ હિંસામય યજ્ઞો ભગવાન
> શ્રીહરિને બંધ કરાવવા હતા.

કારિયાણીમાં ભગવાન શ્રીહરિએ **વસંતપંચમી**નો ઉત્સવ ઉજવવાનું નક્કી કર્યું તેથી માંચાખાચરને પોતાને આંગણે આવેલા આ પ્રસંગથી ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરી લેવાની તાલાવેલી લાગી. માંચાખાચર પાસે ધન હતું, ધાન્ય હતું, દૂધ-દહીંની છોળ્યું ઊડતી હતી. કોઈ વાતની કમી ન હતી. તેમણે ભગવાન શ્રીહરિને કહ્યું : "મહારાજ ! મારી પાસે ધન છે તે આપ આપને યોગ્ય લાગે તેમ વાપરો. ધાન્ય છે તે સંતોને, હરિભક્તોને, બ્રાહ્મણોને જમાડવામાં વાપરો. દૂધ, દહીં અને ઘીની પણ કોઈ કમી નથી. માટે મારી આ **સંપત્તિનો ઉપયોગ** કરો."

શ્રીજીમહારાજ માંચાખાચરનો ભાવ જોઈને પ્રસન્ન થયા. ભગવાન શ્રીહરિએ વિચાર્યું કે,

**'અસુરે અવતાર ધર્યા છે, વિષ્ણુયાગ તો બંધ કર્યા છે;**
**જેમાં હિંસા કર્યાનું બતાવે, એવા ચંડિના યજ્ઞ કરાવે.**
**માટે તે મત ખંડન કરૂં, વિષ્ણુયાગ વિમળ આદરૂં....'**

(શ્રીહરિલીલામૃત : ૫/૨૭)

અસુરોની વગથી હિંસામય યજ્ઞો થતા અને અજ્ઞાની લોકો પોતાની અર્થસિદ્ધિ માટે યજ્ઞો કરાવતા. દેવીઓને પ્રસન્ન કરવા પશુહિંસા કરતા, યજ્ઞનું નૈવેદ્યનું માંસ ખાતા, મદ્યપાન કરતા અને તેના અનિષ્ટ રૂપે વિષયભોગ પણ ભોગવતા. આ અનિષ્ટોનું મૂળ હિંસામય યજ્ઞો હતા. આ હિંસામય યજ્ઞો ભગવાન શ્રીહરિને બંધ કરાવવા હતા. પરંતુ ઉપદેશથી તે શક્ય ન હતું. તેથી ભગવાન શ્રીહરિએ વિચાર કર્યો કે હવે આપણે જ અહિંસક યજ્ઞો કરીએ, બ્રાહ્મણોને જમાડીએ, દક્ષિણા આપીએ. એ રીતે તેમને પ્રસન્ન કરીને અહિંસક યજ્ઞો જ શાસ્ત્રમાન્ય છે તેની પ્રતીતિ સૌને કરાવીએ. માંચાખાચરના ધનનો આ રીતે ઉપયોગ કરવાનું શ્રીજીમહારાજે નક્કી કરી લીધું.

ભગવાન શ્રીહરિને જીવાત્માઓને ધર્માભિમુખ કરવા હતા. તેમ કરવામાં જીવોને જે જે મુશ્કેલીઓ નડતી હતી તે તેમને દૂર કરવી હતી. સતત અનાવૃષ્ટિને લઈને અન્ન અને પાણીની સર્વત્ર અછત હતી. અન્નની અછતને પહોંચી વળવા ભગવાન શ્રીહરિએ સદાવ્રતો શરૂ કર્યાં. માંગરોળમાં પુરાઈ ગયેલી પુરાતન વાવને સજીવન કરી તે પ્રદેશમાં પાણીનો પ્રશ્ન પણ હલ કર્યો. અહીં કારિયાણીમાં પણ એ પ્રશ્ન હતો જ. ભગવાન શ્રીહરિએ વિચાર્યું કે 'આખું પૃથ્વીનું તળ પાણીથી ભરેલું છે તો પૃથ્વીમાંથી પાણી કાઢવું. ગામને પાદર ઉત્તર દિશામાં સુંદર સપાટ જમીન છે ત્યાં વિશાળ તળાવ ખોદાવવું.'

આ પ્રસંગે ભગવાન શ્રીહરિએ સમાગમ કરવા આવેલા તમામ ભક્તોને, સંતોને નવું તળાવ ખોદવાની શરૂઆત કરવાનું કહી દીધું. તે પ્રમાણે કામ શરૂ થયું. ભગવાન શ્રીહરિ પણ સવારથી ખીજડા નીચે પલંગ બિછાવી ત્યાં બિરાજતા. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી સૌ સંતો, ભક્તો શ્રમ કરતા. ભગવાન શ્રીહરિ તેઓમાં ઉત્સાહ પ્રેરવા તેઓને ભેટતા. તેમના ગારાવાળાં હાથ-પગ કે લૂગડાં જોઈ તેઓ કહેતા કે, 'આ તો ચંદન છે.' ભગવાન શ્રીહરિ કોઈને પુષ્પના હાર આપે, કોઈને છાતીમાં ચરણારવિંદ આપે તો કોઈને માથે હાથ મૂકીને પ્રસન્નતા દેખાડતા હતા. કઠીન સાધના અને તપ કરતા મોટા મોટા ઋષિમુનિઓ રાફડા થઈ જાય તોપણ જે પ્રગટ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણના દર્શનની ઝાંખી ન થતી તે દર્શન-સ્પર્શાદિ અહીં સહજમાં ભક્તોને થતું હતું.

અન્નની અછતને પહોંચી વળવા ભગવાન શ્રીહરિએ સદાવ્રતો શરૂ કર્યાં. માંગરોળમાં પુરાઈ ગયેલી પુરાતન વાવને સજીવન કરી તે પ્રદેશમાં પાણીનો પ્રશ્ન પણ હલ કર્યો.

સૌને જમવા માટે રાત્રે બાજરો પલાળી રાખતા. તેમાં તલ ભેળવતા અને ભગવાન શ્રીહરિ પોશે પોશે વહેંચતા. એટલા બધા હરિભક્તો ભેગા થયા હતા કે પંદર મણ બાજરો અને પાંચ મણ તલ રોજ વહેંચાતા. આ રીતે શ્રીજીમહારાજ શ્રમ અને સ્વાદનો મેળ જામવા દેતા ન હતા. દરબાર વસ્તાખાચરે આ બધો ખર્ચ ઉપાડી લીધો હતો.

ત્રણ માસ સુધી તળાવ ખોદવાનું કાર્ય ચાલ્યું. થોડા દિવસમાં અમૃત જેવું પાણી નીકળ્યું અને વિશાળ તળાવ ભરાઈ ગયું. ભગવાન શ્રીહરિએ તે પ્રથમ પીધું. તેની પશ્ચિમ દિશામાં બે કુંડ પણ તૈયાર કરાવ્યા અને તેનું નામ **રામકુંડ** અને **ભીમકુંડ** રાખ્યું. તેમાં જળ પ્રથમ ભગવાન શ્રીહરિએ સંતો સહિત સ્નાન કર્યું. પોતાના સંબંધે સાચું અને સર્વોપરી તીર્થત્વ તેને આપ્યું. ઘણા સમયની પાણીની ખોટ આ રીતે ટળી. મનુષ્ય, પશુ, પંખી સૌ સુખિયાં થઈ ગયા.

હવે ભગવાન શ્રીહરિએ વિષ્ણુયાગ આરંભ કરવાનું નક્કી કર્યું. જુદે જુદે સ્થળે કાગળો લખ્યા. વેદિયા વિપ્રોને તેડાવ્યા. સરોવરની પશ્ચિમ દિશામાં ચાલીસ ચોકા કરાવ્યા. લોટ, દાળ, ચોખા, ગોળ, ઘી વગેરે સામગ્રી તૈયાર થઈ ગઈ. યજ્ઞને માટે મંડપ તથા યજ્ઞકુંડ પણ તૈયાર કરાવી દીધા. અહિંસક વિષ્ણુયાગનો પ્રારંભ થયો. વેદના મંત્રોનો ઉદ્‌ઘોષ થવા માંડ્યો. શેર શેર ઘીના મોદક જમી વિપ્રોના ગળાં ખુલ્લાં થઈ ગયા હતા. તેથી મંત્રનો ઘોષ ચારે દિશામાં વ્યાપી ગયો. યજ્ઞકુંડમાં હોમાતા ઘીથી થતો ધુમાડો ઊંચે ચડીને દેવતાઓને આ યજ્ઞના તથા યજ્ઞના અધિષ્ઠાતા પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન કરવા આમંત્રણ આપતો હતો. પાંચાળની ભૂમિએ ન દીઠેલું એવું મહાયજ્ઞનું કાર્ય અહીં આરંભાઈ ગયું. હજારો વિપ્રો 'શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય', 'સહજાનંદ સ્વામીની જય', 'હર હર મહાદેવ હર' કરતાં મોદકને મોડ્યા સિવાય ઉદરમાં પધરાવતા હતા. સંતો-હરિભક્તો યજ્ઞની, રસોઈની, પીરસવાની સેવામાં જોડાઈ ગયા હતા. તેમને સૌને ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરવાનો ભાવ હતો. યજ્ઞ તે માટેનું નિમિત્ત હતું. ભોજન તેમને મન ગૌણ હતું.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે આ યજ્ઞ આદર્યો હતો. માંચાખાચર જેવા મહાનિષ્કામી ભક્ત યજમાનપદે હતા. ભગવાન શ્રીહરિના ભાગવત ધર્મ સ્થાપનના કાર્યમાં જોડાયેલા તેમની સાથે જ અક્ષરધામમાંથી પૃથ્વી ઉપર પધારેલા સંતો-હરિભક્તો આ યજ્ઞની સેવામાં હતા. પવિત્ર બ્રાહ્મણો વેદપાઠ, ગીતાપાઠ તથા વિષ્ણુસહસ્રના જાપ વગેરે કરતા હતા. આ પ્રકારે શ્રીજીમહારાજના સંબંધે આ યજ્ઞનું આયોજન થયું. કાર્ય શરૂ થયું. મંત્રોના ઘોષ શરૂ થયા. ત્યારે સાક્ષાત્ યજ્ઞનારાયણને પણ પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિના દર્શન કરવા આવવું પડ્યું. તેમને લાગ્યું કે 'સત્યયુગના ધર્મો યજ્ઞ-યાગાદિક આ કળિકાળમાં વિલીન થઈ ગયા હતા. તે ધર્મોનું ભગવાન શ્રી સ્વામિનારાયણ પુનઃ પ્રસ્થાપન કરી રહ્યા છે.' યુગના ધર્મોની ઉપેક્ષા કરી રહેલા માનવીઓને સાત્ત્વિક યજ્ઞોનો મહિમા સમજાવતા

**ભગવાન શ્રીહરિ** પૃથ્વી ઉપરથી લુપ્ત થયેલા યુગના ધર્મો પણ સજીવન કરી રહ્યા હતા. શ્રીજીમહારાજે આ પ્રકારે યોજેલા વિષ્ણુયાગની ધામધૂમપૂર્વક પૂર્ણાહુતિ કરી.

ભગવાન વિષ્ણુને પ્રસન્ન કર્યા. હવે શિવજીને પણ પ્રસન્ન કરવા જોઈએ. શિવજીને નારાયણ સાથે ભક્તિભાવે એકતા છે. તેથી શિવજીની પ્રસન્નતામાં નારાયણની પ્રસન્નતા રહેલી છે. અને જે નારાયણને ઈષ્ટભાવે ભજતા હોય તે ઉપર શિવજીની પણ પ્રસન્નતા હોય છે. શિવજીનો આવો મહિમા સમજાવવા ભગવાન શ્રીહરિએ **અતિરુદ્ર**નો પ્રારંભ કર્યો.

આ પ્રસંગે ગઢપુરથી જીવાખાચર પણ તેમની બે પુત્રીઓ અમૂલાબાઈ તથા અમરીબાઈને લઈને આવ્યા. સાથે તેમના ભાઈ મૂળુખાચર પણ આવ્યા. તેમનામાં મુમુક્ષુતા હતી પરંતુ વ્યવહાર પ્રધાન હતો. એટલે કારિયાણીમાં ભગવાન શ્રીહરિએ આદરેલા વિષ્ણુયાગની વાતો સાંભળ્યા પછી પણ તેમને અહીં આવવા નવરાશ મળી ન હતી. પરંતુ ભગવાન શ્રીહરિને તેમનું કલ્યાણ કરવું હતું તેથી તેમણે અંતઃપ્રેરણા કરી, જેથી વ્યવહારના જાળામાંથી છૂટીને તેઓ અહીં આવ્યા.

ગઢપુરમાં મોટી ડેલીના તે ધણી કહેવાતા. બાપુ એભલખાચર અને બાપુ જીવાખાચર બંને છ છ ગામના ધણી હતા. ગઢડામાં બંનેનો અરધ ભાગ હતો. છતાં બાપુ જીવાખાચરની ભાવનગર રાજ્યમાં વગ વિશેષ હતી. તેમની વ્યાવહારિક બુદ્ધિને લીધે તેઓ ભાવનગર રાજ્ય પાસે પોતાનું ધાર્યું કરાવી શકતા. ભગવાન શ્રીહરિ જીવાખાચરની વ્યાવહારિક મોટાઈ જાણતા હતા. તેથી માંચાખાચરને શ્રીજીમહારાજે ભલામણ કરી કે જીવાખાચરની સરભરા બરાબર કરજો.

> પરોપકાર સમાન બીજું પુણ્ય નથી. જે પુરુષો પોતે દુઃખ સહન કરીને પણ બીજા જનોનું હિત કરે છે, તે પુરુષોએ જ પોતાનું કાર્ય સંપાદન કર્યું છે આ પ્રમાણે નિશ્ચે જાણો. આ લોકમાં જે પુરુષો બીજાના દુઃખને જોઈ પોતાની શક્તિ પ્રમાણે તેમના દુઃખનું નિવારણ ન કરે તે પશુ સમાન છે.

અતિરુદ્રની પૂર્ણાહુતિ થઈ. હજારો બ્રાહ્મણો જમ્યા. તેમને દક્ષિણા મળી. ભગવાન શ્રીહરિએ આ પ્રસંગે હજારો બ્રાહ્મણોને આટલા દિવસ સુધી મોદક જમાડ્યા. તે સીધાની સામગ્રી ક્યાંથી આવતી, કોણ બધું પૂરું પાડતું તે બધું સૌને આશ્ચર્ય જેવું લાગ્યું ! માંચાખાચરના ભંડારમાં જે અનાજ હતું, ભગવાન શ્રીહરિને તેણે જે ધન આપ્યું હતું તેટલાથી જ આવો અદ્‌ભુત વિષ્ણુયાગ તથા અતિરુદ્ર થાય તેવું ન હતું. તેનો તો માંચાખાચરને પણ ખ્યાલ હતો. છતાં યજ્ઞ, ભોજન, દાન-દક્ષિણા બધું જ વ્યવસ્થિત ચાલતું હતું. કોઈ ઠેકાણે ક્યાંય ખોટ જણાતી ન હતી. ભગવાન શ્રીહરિનું જ આ ઐશ્વર્ય હતું તેની સૌને પ્રતીતિ થઈ હતી. જીવાત્માઓ પ્રભુપરાયણ જીવન જીવે તેવી એ ઐશ્વર્ય-દર્શન કરાવવા પાછળની ભગવાન શ્રીહરિની ભાવના હતી. કાઠીઓની જ્ઞાતિમાં જાગૃતિ આવી ગઈ હતી. તેમના અંતરનો આત્મા જાગ્યો હતો. સૂરજદાદાને આપેલા અર્ઘ્ય સૂરજદાદાએ સ્વીકારી પૂર્ણ પુરુષોત્તમના ચરણે ધરી દીધા હતા. સૌરાષ્ટ્રના કાઠીઓનો નવો ઈતિહાસ લખવાની શરૂઆત હવે થતી હતી.

ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરવા સ્ત્રીભક્તો પણ આ સેવામાં સંપૂર્ણતઃ જોડાઈ ગયા હતા. રોટલા ઘડવા; દૂધ, દહીં, છાશ, માખણ તૈયાર કરવા; ભગવાન શ્રીહરિ માટે ભાત-ભાતની રસોઈ બનાવવી; આ સેવાઓ ભક્તિ સમજી ભગવાન શ્રીહરિના દિવ્ય સ્વરૂપમાં તન્મય બની સૌ સ્ત્રીભક્તો કરતા હતા. ઊંઝાના જેકુંવરબાઈ તો ફક્ત એક શિંગોડું જ ખાઈ રોજ મણ બાજરાનું દળણું કરતા. શ્રમયજ્ઞ, સેવાયજ્ઞ અને યોગયજ્ઞ એ ત્રણેનો આદર ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિને લક્ષ્યમાં રાખી સૌ કરતા હતા. ભગવાન શ્રીહરિને પણ આ જ સાધના સૌ પાસે કરાવવી હતી.

કારિયાણીમાં **વિષ્ણુયાગ** અને **અતિરુદ્ર** અત્યંત દિવ્ય વાતાવરણમાં સંપૂર્ણ થયા. શાસ્ત્રવિધિ પ્રમાણે યજ્ઞની સમાપ્તિ કરી વિપ્રસમૂહોને દક્ષિણાથી સંતોષ પમાડી, ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તોની સભામાં ઊંચે બિરાજમાન થઈ ભક્ત સમુદાયને જોઈ પ્રસન્ન થકા પોતાના વચનરૂપી અમૃતથી આનંદ આપતાં બોલ્યા :

'भक्ताः शृणुत मद्वाक्यं सर्वेषां वो हितं ब्रुवे । परोपकारसदृशं नान्यत्सुकृतमस्ति हि ।। अपि कीटपतङ्गाद्याः सन्त्येव स्वोदरम्भराः । परोपकारिणो लोके विरलाः सन्ति पूरुषाः ।। स्वयं सोढ्वापि ये कष्टं परेषां कुर्वते हितम् । तैरेव साधितः स्वार्थ इति जानीत निश्चितम् ।। अन्यस्य दुःखमालोक्य यथाशक्त्यत्र यः पुमान्... लोके परोपकरणाज्जनैः ।।' -

"હે ભક્તો ! મારું વચન સાંભળો. કારણ કે તમો સર્વેનું હિત કહું છું. પરોપકાર સમાન બીજું પુણ્ય નથી. જે પુરુષો પોતે દુઃખ સહન કરીને પણ બીજા જનોનું હિત કરે છે, તે પુરુષોએ જ પોતાનું કાર્ય સંપાદન કર્યું છે આ પ્રમાણે નિશ્ચે જાણો. આ લોકમાં જે પુરુષો બીજાના દુઃખને જોઈ પોતાની શક્તિ પ્રમાણે તેમના દુઃખનું નિવારણ ન કરે તે પશુ સમાન છે. આ પૃથ્વીમાં રંતિદેવરાજા પરોપકારથી ધન્ય થઈ ગયા કે જે રાજાનો નિર્મળ યશ આ લોકમાં હજુ પણ ગવાય છે."

ભગવાન શ્રીહરિના વચન સાંભળી સર્વે **ભક્તજનો** કહેવા લાગ્યા : "હે પ્રભુ ! પરોપકારી રંતિદેવનું આખ્યાન અમોને કહો." તેથી ભગવાન શ્રીહરિ કહે : "પૂર્વે ચંદ્રવંશના સંકૃતિ નામના રાજા હતા. તેમને રંતિદેવ નામના પુત્ર હતા. પિતા પરલોકમાં ગયા પછી, દયાળુ અને બુદ્ધિશાળી રંતિદેવ ધર્મથી રાજ્ય કરવા લાગ્યા.

તેઓએ અને યજ્ઞો કરીને સમગ્ર પોતાની સમૃદ્ધિને બ્રાહ્મણોને આપી દીધી. પછી તે રાજા કુટુંબે સહિત અયાચિત વૃત્તિનો આશ્રય કરી દરરોજ રહેવા લાગ્યા. કોઈ સમયે તેઓને લૂખું અન્ન મળતું, ક્યારેક મિષ્ટાન મળતું, ક્યારેક જળ મળતું અને કયારેક ફળ મળતાં. આ રીતે તેઓ જીવન નિર્વાહ કરતા હતા, તેવા સમયમાં ભગવદ્ ઈચ્છાથી અડતાળીશ દિવસ સુધી તેઓને અન્ન-જળ મળ્યું નહિ; તેથી અડતાળીશ ઉપવાસો થયા.

પછી ઓગણપચાસમાં દિવસે કોઈ બ્રાહ્મણે રાંધેલું અન્ન અને જળ આપ્યું. રાજાએ તે અન્નાદિકના પોતાના પુત્ર વગેરેને વિભાગ કરી આપ્યા. પછી સર્વે ભોજન કરવા બેઠા. ત્યાં અન્નાર્થી બ્રાહ્મણે આવી જમવાનું માગ્યું. તેથી શ્રદ્ધાથી રાજાએ તે અતિથિને જમવાનું આપ્યું. પછી તે જમીને ગયો તેટલામાં બીજો અતિથિ આવ્યો અને તેણે પણ જમવાનું માગ્યું. તેથી રંતિદેવરાજાએ દયા લાવી તે શૂદ્રને અન્ન આપ્યું.

પછી તે શૂદ્ર જમીને ગયો, તે સમયમાં ત્રીજો અતિથિ આવ્યો અને કહેવા લાગ્યો : 'હે રાજન્ ! કૂતરાઓ અને હું ભૂખથી દુ:ખી થઈએ છીએ, માટે અમોને જમવાનું આપો.' તુરંત બાકી રહેલ તમામ અન્ન કૂતરાના પાલક અતિથિને આપ્યું અને મનમાં પ્રસન્ન થઈ તેને નમસ્કાર કર્યા.

પછી બાકી વધેલ જળ પીવા ગયા, ત્યાં એક ચાંડાળે આવીને પાણી માગ્યું. તુરંત દયાળુ રંતિદેવ પાણી આપતાં આપતાં બોલ્યા : 'હું પરમાત્મા પાસેથી અણિમાદિક અષ્ટ સિદ્ધિ ઈચ્છતો નથી તથા મારે મોક્ષ જોઈતો નથી. હું સર્વે પ્રાણીઓના અંદર રહેલા આત્માની સાથે એકપણું પામી તેના દુ:ખના ભોક્તારૂપે વર્તતો થકો તેમનું દુ:ખ પામું, અને તેઓ સર્વે દુ:ખથી રહિત થાય.'

મહાધૈર્યશાળી અને દયાળુ રંતિદેવે, આ પ્રમાણે બોલી તરસ્યા ચાંડાળને પાણી આપ્યું અને પોતે તરસ્યા રહ્યા. આવી દયાળુતા અને પરોપકારપણું જોઈ બ્રહ્મા, વિષ્ણુ અને શંકરે પ્રસન્ન થઈ રંતિદેવરાજાને દર્શન આપ્યાં. પરંતુ રંતિદેવરાજાએ કંઈપણ વરદાન માગ્યું નહિ. તુરંત સત્ત્વ-રજ અને તમોગુણવાળી માયા (તેમના હૃદયમાંથી) સ્વપ્નની માફક લીન થઈ ગઈ. રંતિદેવના અનુયાયી પ્રજાજનો, રાજાનું આચરણ જોઈ ભગવાનના ભક્તો બની ગયા અને રાજા પરોપકાર ધર્મથી પૃથ્વીમાં પ્રસિદ્ધ થયા. હે ભક્તો ! આવા પરોપકારના માહાત્મ્યથી તમો સર્વે પણ, પોતે દુ:ખ સહન કરી નિરંતર બીજાનું હિત કરો.''

(શ્રી સત્સંગિજીવન : ૨/૨૯)

## કારિયાણીમાં મહારુદ્ર

સં. ૧૮૬૫માં સારંગપુરમાં ભાદરવા સુદ ગણેશ ચતુર્થી કરીને ભગવાન શ્રીહરિ ત્યાંથી કારિયાણી પધાર્યા. શ્રીજીમહારાજ પધાર્યા એટલે વસ્તાખાચર ખૂબ રાજી થયા. અહીં જે અધૂરું તળાવ હતું તે ખોદાવ્યું. રામકુંડ અને ભીમકુંડ ગળાવ્યા અને ભર્યું કરવાનું હતું. ભગવાન શ્રીહરિને વસ્તાખાચરે પૂછ્યું : ''મહારાજ ! આ બંને કુંડનું ભર્યું કરવાનું છે તે શું વિધિ કરશું ?''

ભગવાન શ્રીહરિએ કહ્યું : ''આપણે મહારુદ્ર કરીએ. બ્રાહ્મણોને બોલાવીએ અને હજારો બ્રાહ્મણોને જમાડીએ.''

વસ્તાખાચર આ સાંભળી રાજી થયા. તેમણે તળાવને કાંઠે બ્રાહ્મણો માટે ચાલીસ ચૌકા તૈયાર કરાવ્યા. બ્રાહ્મણોને નોતરાં મોકલ્યાં. વિદ્વાન બ્રાહ્મણોને વિધિ માટે તેડાવ્યા. તમામ તૈયારી કરીને વસ્તાખાચરે શ્રીજીમહારાજને કહ્યું : ''મહારાજ ! બધી તૈયારી કરી દીધી છે. બ્રાહ્મણો પણ કાલે આવી જશે.''

ભગવાન શ્રીહરિએ કહ્યું : ''બ્રાહ્મણો આવે પછી મહારુદ્ર શરૂ કરીએ. સંતોને પણ તેડાવીએ.'' ભગવાન શ્રીહરિની વાત સાંભળ વસ્તાખાચર અતિ રાજી થયા.

કારિયાણીમાં તળાવની પાસે મહારુદ્રની શરૂઆત બ્રાહ્મણોના વેદધ્વનિના ઘોષથી થઈ ગઈ. રોજ બ્રાહ્મણો આવતા જાય અને લાડુ જમીને રાજી થાય. વસ્તાખાચરે ખર્ચ સામું જોયું નહિ. હજારો બ્રાહ્મણોને ચાલીસ દિવસ સુધી જમાડ્યા, સૌને દક્ષિણા પણ આપી. ભગવાન શ્રીહરિનો જે સંકલ્પ હતો, આજ્ઞા હતી તે પૂરી કરી. ભગવાન શ્રીહરિને બ્રાહ્મણો ઉપર ખૂબજ હેત હતું. બ્રાહ્મણો જગતગુરુ કહેવાય. તે બધા વામપંથ અને કૌલપંથમાંથી છૂટીને શુદ્ધ સનાતન માર્ગે ચડે તો તેમનું કલ્યાણ થાય. તે માટે આવા યજ્ઞના પ્રસંગો શ્રીજીમહારાજ યોજતા, બ્રાહ્મણોને આમંત્રણ આપતા, તેમને જમાડતા, દક્ષિણા આપતા. વળી, શાસ્ત્રોક્ત વિધિપૂર્વક અહિંસક યજ્ઞો કરી, યજ્ઞમાં પશુહિંસા એ શાસ્ત્રનિષિદ્ધ છે તેની સૌને પ્રતીતિ કરાવતા. 'શ્રીહરિકૃષ્ણલીલામૃતસાગર' ગ્રંથમાં સ.ગુ. શ્રી **માધવદાસજી સ્વામી** લખે છે : 'વેદ બ્રાહ્મણ તીરથ સાધુ એહ, શુભ દેવના સ્થાન છે તેહ; અહિંસામય યજ્ઞનું દાન, સ્થાપન કર્યું બહુ રીતે ભગવાન.' (તરંગ-૮/૭૮) યજ્ઞ કર્યા ને સદાવ્રત દીધાં, ઘણા જીવનાં કલ્યાણ કીધાં; દયાળુ ક્યાંઈ ક્રોધ ન કીધો, કરુણારસ પ્રગટ કરી દીધો. (તરંગ-૯/૧૫)

વામમાર્ગમાં માંસ, મદિરા અને મૈથુનથી ભ્રષ્ટ થતા બ્રાહ્મણોને શાસ્ત્રે ચીંધેલા માર્ગે વાળતા. આથી બ્રાહ્મણો શુદ્ધ પણ થતા અને સત્સંગી પણ બનતા. આમ, ઘણા બ્રાહ્મણો વામપંથ, શાક્તપંથ અને કૌલપંથનો ત્યાગ કરીને ભગવાન શ્રીહરિના આશ્રિત થયા.

મહારુદ્રની શ્રીજીમહારાજે આસો વદ તેરશે પૂર્ણાહુતિ કરી. હજારો બ્રાહ્મણો જમ્યા, દક્ષિણા પામ્યા અને સહજાનંદ સ્વામીની જય.... સ્વામિનારાયણ ભગવાનની જય... એમ જયઘોષ કરીને સહુ વિખરાયા.

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી આ પ્રસંગના સાક્ષી હોવાથી લખે છે : 'તે દિ યજ્ઞ કર્યો ભગવાને, દિઠી નજરે નથી સુણી કાને.'

(શ્રી ભક્ત ચિંતામણિ : પ્ર.૫૬-૧૪)



# જેતલપુરમાં પ્રથમ અહિંસક યજ્ઞ

## ભગવાન શ્રીહરિએ ભાદરાથી જેતલપુરમાં યજ્ઞ કરવાનો પત્ર લખ્યો :

સં. ૧૮૬૪માં મેઘપુરમાં પાર્ષદ મૂળજી ભક્તને દિવ્યગતિ આપી ભગવાન શ્રીહરિ ત્યાંથી ભાડેર, ધોરાજી, ખાંડાધાર, ગોંડલ, બંધિયા, સરધાર, રાજકોટ, ખીરસરા, મોડા, અલૈયા, શેખપાટ થઈને ભાદરા ગામ આવ્યા. ત્યાં એક માસ સુધી રહ્યા. ભક્તોના જીવનપ્રાણ ઘનશ્યામ શ્રીહરિએ ત્યાં સહુ હરિભક્તોની આગળ કહ્યુ : "આપણે જેતલપુરમાં યજ્ઞ કરવો છે અને તેમાં ઘણા હરખભેર બ્રાહ્મણોને જમાડવા છે." પછી શ્રીહરિએ ગોવિંદાનંદ સ્વામીના ઉપર ઘણા સ્નેહથી ભર્યો એક પત્ર લખ્યો : "યજ્ઞમાં જે સામગ્રી જોઈએ તે તત્પર થઈને તૈયાર કરજો." પછી તે સિવાયનો એક બીજો પત્ર પણ લખ્યો.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૨/૨૩)

પછી ભગવાન શ્રીહરિએ શેખપાટના લાલજીભક્તને દીક્ષા આપી, ભુજમાં નવા પરમહંસો બનાવી, ભુજના દીવાન જગજીવન મહેતાના હિંસામય યજ્ઞનો ધ્વંસ કરીને માનકુવા, તેરા, કાળાતળાવ, અંજાર થઈને **માંડવી** પધાર્યા. માંડવીમાં ગામમાં ઉતારો ન કર્યો. અને શ્રીહરિ સરોવરને કિનારે ઊતર્યા. ત્યાં ભાગવતની કથા વંચાવી. પછી સંતોનું મોટું મંડળ કરીને તેમને ત્યાંથી વિદાય આપી. સ્વરૂપાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી અને વૃદ્ધ આત્માનંદ સ્વામી - એ ત્રણને ત્યાં મહંત (મોટા) કર્યા. તેમને વર્તનની બધી રીત શીખવીને શ્રીનગર (અમદાવાદ) મોકલ્યા. અને પ્રભુ સહજાનંદ સ્વામીએ બધા દેશકાળની રીત સમજાવી.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૨/૨૪ થી ૩૮)

## ભગવાન શ્રીહરિ માંડવીમાં હતા અને જેતલપુરમાં સારો યજ્ઞ થયો :

શ્રીહરિએ સંતોને કહ્યું, પુરની બહાર ઊતરવાનું છે. સુંદર વૃક્ષ જોઈને તેની નીચે બેસવું અને જ્ઞાન વિચાર કરવો. સાંખ્યમતને અનુસારે પ્રશ્ન અને ઉત્તર શીખવા. રાત અને દિવસ વારંવાર યોગનો અભ્યાસ કરવો. વેદ, સમગ્ર પુરાણો અને ગીતા, એ બધાના પરમ રહસ્યરૂપ **પારમહંસ્ય સંહિતા** શ્રીમદ્ ભાગવત પુરાણ **ગ્રંથ** પ્રમાણરૂપ છે. ભાગવતનું શ્રવણ વારંવાર ઘણા પ્રેમથી નિત્ય કરવું. પરમહંસોના શણગારરૂપ ભાગવતથી અધિક બીજો કોઈ ગ્રંથ નથી. ત્રણ વર્ણના લોકોને ઘેર ભિક્ષા, ઝોળીમાં માગીને ખાવી, બબ્બે સંત સાથે રહીને ભિક્ષા માગવા જાવું.

હરિ ઈચ્છાથી કોઈ ત્રણ વર્ણનો ભાવિક મનુષ્ય રસોઈ બનાવીને લાવે, તો તે અન્નને મેળવીને તેના ગોળા કરવા. સંતોએ તે અન્નનાં ઉપર જળનું પ્રોક્ષણ કરવું - જળ છાંટવું, તે છાંટ્યા વિના ક્યારેય ગોળા કરવા નહિ. જળ પ્રોક્ષણથી અન્નની શુદ્ધિ કરીને ગોળા કરવા. અસાવધાનીથી તે ક્યારેય ભૂલવું નહિ. ઝોળીમાં તે ગોળા કરવા. ઝોળીની નીચે ઘાસ રાખવું. ડાબા હાથમાં ગોળો રાખવો. ડાબા હાથને પાત્ર જાણીને ગોળો લેવો. એક એક કોળિયે 'સ્વામિનારાયણ' નામ બોલવું. ચાતુર્માસમાં ક્યાંક (એક સ્થાને) જઈને રહેવું. તે સિવાયના દિવસોમાં પ્રસન્નમનથી દેશમાં ફરતા રહેવું. ગોવિંદાનંદ સ્વામી જેતલપુરમાં જઈને જ્યારે યજ્ઞ કરે અને તમને સહુને જ્યારે તેઓ તેડાવે ત્યારે તમારે સહુએ જેતલપુર જાવું.

અમે યજ્ઞ કરવાનો નિર્ધાર કર્યો છે. તેમાં અપાર વિપ્રો જમશે.

# જેતલપુરમાં પ્રથમ અહિંસક યજ્ઞ

પછી સંતો માંડવીથી જ્યારે ચાલ્યા, તે પ્રથમ હાલાર દેશમાં આવ્યા. ત્યાંથી કાઠિયાવાડ થઈને સંતો ઝાલાવાડમાં આવ્યા. પછી ત્યાંથી મખિયાવ (મછિયાવ) ગામમાં આવીને રહ્યા. ત્યાંથી બધા સંતો શ્રીનગર (અમદાવાદ) આવ્યા. ત્યાં શહેરથી ઉત્તર તરફના ભાગમાં ઉતારો કર્યો. સાબરમતી નદીને નજીક ઘણાં સુંદર આંબલીનાં અપાર ઝાડ હતાં. બધા સંતો તે આંબલીના ઝાડ નીચે આવીને રહ્યા. ત્યાં રોજ તેઓ બ્રહ્મસંવાદ-બ્રહ્મના સ્વરૂપનિર્ણયની વાતો કરતા. કીર્તન ગાન કરતા અને નિત્ય ભગવદ્‌વાર્તા કરતા હતા; એમ મહામુનિઓ શોભતા હતા. શ્રીનગરના અપાર શ્રદ્ધાળુ લોકો સતત એકતારનાં રૂપમાં ત્યાં આવતા જાતા રહેતા હતા. તેમને તે સંતો ઘણા પવિત્ર, નિઃસ્પૃહ અને વૈરાગ્યવાળા અતિશય સારા લાગ્યા.

જ્યારે સંતો પરસ્પર બ્રહ્મવિદ્યાનો સંવાદ કરતા હોય અને તે વખતે તેને જે સાંભળતા હોય તેને એટલો બધો શ્રવણમાં સ્વાદ આવતો કે તેની તૃપ્તિ થાતી નહિ. ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યથી પરિપૂર્ણ તે સંતો ઘણા જ પ્રતાપી હતા. તેમના સુયોગમાં આવનારા મુમુક્ષુ જનો સંતોને હાથે વ્રતમાન ધારીને સત્સંગી થવા લાગ્યા. તે પછીના થોડા જ દિવસોમાં જેતલપુરમાં યજ્ઞનો આરંભ થયો. ગોવિંદાનંદ સ્વામી તે યજ્ઞમાં મુખ્ય કાર્ય સંભાળનારા હતા. તે યજ્ઞ કરાવનારા તો મેવાડા ભટ્ટ નાનાભાઈ છે, એવી વાત બધે પ્રચલિત થઈ હતી. યજ્ઞમાં અપાર વિપ્રો આવ્યા. તેનો ગણતા કોઈ પાર આવતો નહિ. મોટા મોટા વેદજ્ઞ વિદ્વાનો યજ્ઞમાં આવ્યા હતા. યજ્ઞમંડપ ઘણો સુંદર કર્યો હતો અને તેની વચ્ચે યજ્ઞકુંડ કર્યો હતો. હોમવાના પદાર્થો અને યજ્ઞીય કાષ્ઠોથી તે પ્રકટાવ્યો હતો.

'હા' 'હો' 'હૂ' એવા જે વેદના મંત્રો છે તેને તે સર્વોત્તમ વિપ્રો ઉચ્ચારતા હતા. જેની જેવી રીત હોય તે પ્રમાણે ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત, સ્વરોનું ગાન પણ તે વિપ્રો કરતા હતા. યજ્ઞમાં જે દેવોનું આવાહન કરવાનું હતું, તેમની સ્થાપના માટે આસન કર્યાં હતા અને વરણીમાં જે વિપ્રોનું વરણ કરી કાંડાં બાંધ્યાં હતાં, તેઓ બધા પણ બાજોઠ ઉપર બેઠા હતા. વૈદિક મત પ્રમાણે યજ્ઞમાં બધો વિધિ થાતો હતો. હોમાતા પદાર્થોનો સુગંધ યજ્ઞમંડપમાં પ્રસરતો હતો. પરનાળાથી ઘી યજ્ઞકુંડમાં હોમાતું હતું. વેદિયા વિપ્ર જે યજ્ઞમાં બેઠા હતા. તે બધા સ્વાહા મંત્રને ઉચ્ચારતા હતા. અસંખ્ય વિપ્રો વિવિધ પ્રકારના ભોજન જમતા હતા. ચોતરફ જયજયકાર થઈ રહ્યો હતો. જેતલપુરમાં તળાવને કિનારે મહોલથી દક્ષિણ તરફના ભાગમાં મનના ઘણાજ ઉમંગથી યજ્ઞમંડપ કર્યો હતો.


જેતલપુરના મુખ્ય મુખ્ય જે પાટીદાર હતા તેઓ બધા યજ્ઞમાં મદદ કરવામાં તત્પર રહેતા હતા. ગામના નરનારી બધાજ શ્રદ્ધાળુ જે મનુષ્યો હતા તે બધા પોતાના ધન્યભાગ્ય માનીને યજ્ઞની સેવા કરવામાં તત્પર રહ્યા હતા. જે વખતે જ્યાં જે સામાનની જરૂર પડે, ગામના ભક્ત તે સામાનને તરત જ ત્યાં લાવી આપતા. યજ્ઞનું કામ પોતાનાં ઘરનું છે, એમ માનીને સહુ સેવા કરતા હતા. અશલાલી ગામના બધા પાટીદાર **અમીન** કહેવાતા હતા. તેઓ બધા જેનાથી જે બને તે સેવા કરવા માટે યજ્ઞના કામમાં હાજર રહેતા. ગામડી ગામના બધા પાટીદારો તથા હરિભક્તો પણ ખૂબજ સરસ પ્રેમી હતા. તેઓ બધા ઘણાજ ઉત્સાહથી યજ્ઞની સેવા કરવા માટે આવ્યા હતા.

ચોસર ગામના બધા હરિભક્તો પણ યજ્ઞમાં સેવા કરવા માટે આવ્યા હતા. તેમજ વહેલાલ ગામના અમીન જેસિંગભાઈ આદિ સહુ હરિભક્તો યજ્ઞમાં સેવા કરવા આવ્યા હતા. તે બધા જ ઉત્સાહી અને પ્રેમી હતા. તેમજ કણભા ગામના બધા પાટીદાર હરિભક્તો પણ તે સમયે સેવા કરવા માટે ત્યાં આવ્યા હતા. શ્રીનગર (અમદાવાદ)ના જે નથુભાઈ ચોકસી આદિક હરિભક્તો હતા તે વણિક, કણબી પટેલ, સોની અને માળી વગેરે સામે સર્વે ચાલીને સેવા કરવા આવતા હતા. દામોદરભાઈ તથા ગંગાબા પણ યજ્ઞની સેવામાં મુખ્ય રહ્યા હતા. યજ્ઞમાં જે બાકી ધનની જરૂર પડી તે બધું ગંગાબાએ આપ્યું હતું. તેઓ વડનગરા નાગર હતા. જેતલપુરના સત્સંગી બાઈઓમાં તેઓ મુખ્ય હતા. જેતલપુરમાં જે કોટ હતો તેની અંદરની બધી જગ્યા સ્વચ્છ કરાવી હતી.

જેટલા વિપ્રો આવતા તે બધાને તે જગ્યામાં જમાડતા હતા. જેટલા સત્સંગી વિપ્ર હતા તેઓ બધા ઘીથી ચૂચવતાં લાડુ બનાવીને સહુને જમાડતા હતા. ભટ્ટ નાનાભાઈના એક ભાણેજ નથુભાઈ નામે હતા. તેઓ ઘણા બુદ્ધિમાન હતા અને રસોડાની બધી જ જવાબદારી તેઓ સંભાળતા હતા. જે મનુષ્ય જેવો હોય તેને તે રીતે તેઓ દેશકાળને અનુસારે વારંવાર બોલાવતા અને કામકાજ કરતા. દેશકાળની પરિસ્થિતિને જાણ્યા-જોયા વિના જે કોઈને બોલાવે છે તેમાં કામ બગડવાની શક્યતા રહે છે અને કામનો બધો રસ નાશ પામે છે. સારો યશ મળે એટલા માટે તો લોકો પુષ્કળ ધનનો ખર્ચ કરતા હોય છે. પણ તેમાં કોઈ અયોગ્ય-ખરાબ 'વેણ' બોલી નાખે તો બધું કર્યું - કારવ્યું ભસ્મ થઈ જાય છે.

જેતલપુરના યજ્ઞના સમયમાં જે પરમહંસો શ્રીનગરમાં રહેતા હતા તેમને ગોવિંદાનંદ સ્વામીએ જેતલપુર બોલાવ્યા. યજ્ઞની પૂર્ણાહુતિ નિર્વિઘ્નપણે કરી. ભણેલી વિદ્યાની પરીક્ષા કરીને વિપ્રોને વિવિધ પ્રકારનાં દાન દીધાં. જેટલા સંતો અને હરિભક્તો આવ્યા હતા તે સહુને રોજ જમાડતા અને છેવટે આખું ગામ જમાડ્યું. જે અભ્યાગતો આવતા, તેમને યજ્ઞની પૂર્ણાહુતિ સુધી રોજ જમાડતા. કોઈને જમાડ્યા વિના, ભૂખ્યા જાવા દેતા નહિ. જે વિદ્વાન અને ક્રિયાકુશળ વિપ્રો યજ્ઞનો વિધિ જે રીતે કરતા હતા. તે બધાને વસ્ત્ર અને ઘરેણાં પહેરાવ્યાં. સારાં પ્રમાણમાં દાન આપીને સહુને ખૂબ જ રાજી કર્યા. જે કોઈપણ સ્ત્રી પુરુષોએ તે યજ્ઞનાં દર્શન કર્યાં હતાં તેઓ બધા યજ્ઞને 'ધન્ય' 'ધન્ય' એવા શબ્દ બોલીને વખાણતા હતા. શ્રીહરિએ ગોવિંદાનંદ સ્વામી અને ભટ્ટ નાનાભાઈને ઘણોજ યશ અપાવ્યો. જે વિપ્રો અને હરિભક્તો યજ્ઞમાં આવ્યા હતા. તેઓ બધા રજા લઈને સહુને ઘેર ગયા. જે બધા પરમહંસ જેતલપુરમાં રહ્યા હતા તે બધા પછીથી શ્રીનગર (અમદાવાદ) ગયા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૨/૩૯)



# જેતલપુરમાં અઢાર દિવસનો મહા વિષ્ણુયાગ

**'सम्भारेणैव महता तत्र शैवं च वैष्णवम् । यज्ञं नारायणमुनिश्चकार स पृथक् पृथक् ।।'**

**ભગવાન શ્રીહરિએ જેતલપુરમાં મહાસામગ્રીથી જ શિવ સંબંધી રુદ્ર યજ્ઞ અને વિષ્ણુ સંબંધી યજ્ઞ જુદા જુદા કર્યા.**

(શ્રી સત્સંગિજીવન : ૨/૪૫/૮)

સં. ૧૮૬૫માં મકરસંક્રાંતિના પર્વે ભગવાન શ્રી સ્વામિનારાયણ **જેતલપુર** પધાર્યા. આશજીભાઈ, જીવણભાઈ તેમજ અન્ય ભક્તો તથા ગંગામા આદિ સ્ત્રીભક્તોએ ભગવાન શ્રીહરિનું પુષ્પહાર વગેરે ભેટો અર્પણ કરી સ્વાગત કર્યું. પછી ભગવાન શ્રીહરિ દેવ સરોવર પાસે જે મહેલ છે તેમાં પોતાની રહેવાની જે જગ્યા હતી ત્યાં આવીને ઊતર્યા.

ગામમાં જે મોટા મોટા પાટીદાર હતા તે બધાને ભગવાન શ્રીહરિએ બોલાવ્યા. નાગર વૈદ્યને સાથે લઈને વિપ્ર આશજી પણ આવ્યા. પછી થોડીવારે શ્રીજીમહારાજે આશજીભાઈ વગેરે હરિભક્તોને કહ્યું : "કાલે ઉત્તરાયણ છે. તો આપણે બ્રાહ્મણોને જમાડીએ. બ્રાહ્મણોની ચોરાસી કરીએ."

આ સાંભળી હરિભક્તો રાજી થયા. તેમણે કહ્યું : "ભલે મહારાજ ! અમે તૈયારી કરવા માંડીએ."

એટલે ભગવાન શ્રીહરિએ પૂછ્યું : "અહીંના બ્રાહ્મણોની ચોરાસી કરીએ તો કેટલું ઘી જોઈએ ?"

ત્યારે આશારામભાઈએ કહ્યું : "મહારાજ ! પાંચ મણ !"

તેથી શ્રીજીમહારાજે ફરી પૂછ્યું : "આજુબાજુના ગામોના બ્રાહ્મણોને તેડાવીએ તો કેટલું જોઈએ ?"

એટલે આશજીભાઈ બોલ્યા : "દશ મણ."

પછી ભગવાન શ્રીહરિએ ફરી પૂછ્યું : "અને અમદાવાદ તથા તેની આજુબાજુના બ્રાહ્મણો હજારે હજાર આવે તો કેટલું ઘી જોઈએ ?"

શ્રીજીમહારાજની આ વાત સાંભળી હરિભક્તો વિચારમાં પડી ગયા. ભગવાન શ્રીહરિ હરિભક્તોને વિચાર કરતા જોઈ હસવા લાગ્યા. મહારાજે કહ્યું : "અમને લાગે છે કે પાંચસો મણથી અધિક જોઈશે. તે પ્રમાણે બીજી સીધા-સામગ્રીની પણ તૈયારી કરવા માંડો." આ વાતની નોંધ કરતા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી 'ભક્તચિંતામણિ' ગ્રંથમાં કહે છે :

**'તૈયે નાથ કહે તેડો બ્રાહ્મણ, જમે મગાવીએ ઘૃત મણ;**
**પ્રથમ મંડાણ મણથી કર્યું પછી પૂછતાં પાંચસે ઠર્યું.**
**જેમ જેમ પૂછ્યું વળી જને, તેમ તેમ વધાર્યું જીવને;**
**મોર્યે નોતરું ને પછી સીધું, એમ યજ્ઞનું પરિયાણ કીધું.'**

(શ્રી ભક્તચિંતામણિ : પ્ર. ૫૬)

પછી શ્રીજીમહારાજે કહ્યું : "ગામોગામ **પત્ર** લખો, બ્રાહ્મણોને તેડાવો. આપણાં સંતમંડળોને પણ તેડાવો. અહીં આપણે **મહાયજ્ઞ** કરવો છે. હજારો બ્રાહ્મણોને જમાડવા છે. પરનાળે ઘી હોમવું છે." ભગવાન શ્રીહરિની આ વાત સાંભળી હરિભક્તો તો અવાક્ જ બની ગયા ! મહારાજે તેમની મૂંઝવણ પારખી લીધી. પછી કહ્યું : "મૂંઝાશો નહિ. આ તો ભગવાનનું **કાર્ય** છે. દેવતાઓ, સિદ્ધિઓ આવીને કાર્ય કરી જશે. તમે બધી તૈયારી કરવા માંડો."

**'આજ્ઞા આઠે સિદ્ધિઓને આપી, નહિ ખૂટવા દેશો કદાપી;**
**જેમ જેમ સિધું વવરાય, તોય ગંજના ગંજ જણાય.'**
(શ્રીહરિલીલામૃત : ૭/૨/૧૭)

હરિભક્તો જાણતા હતા કે ભગવાન શ્રીહરિની આ ઈચ્છા છે. કાર્ય ઘણું મોટું છે. આપણી શક્તિ અતિ અલ્પ છે, પણ મહારાજની શક્તિ તેમાં ભળશે એટલે કાર્ય થઈ જશે.

શ્રીજીમહારાજે ઠેઠ કાશી સુધીના વિદ્વાન બ્રાહ્મણોને પત્રો લખાવી આ મહાયજ્ઞમાં આવવા આમંત્રણ મોકલી દીધાં. કચ્છ, કાઠિયાવાડ, સોરઠ, હાલાર, ઝાલાવાડ, ગુજરાત તથા ખાનદેશ અને બીજા દેશોમાં પણ પત્ર લખાવ્યા. કંકોત્રીઓ મોકલી. જ્યાં બન્યું ત્યાં ખેપિયા, ઘોડેસવારો મોકલ્યા. જેતલપુરમાં મહાયજ્ઞની તૈયારીમાં સૌને જોડી દીધા. જેતલપુરના હરિભક્તોએ શ્રીજીમહારાજને હાથ જોડી કહ્યું : "મહારાજ ! અમારા અહોભાગ્ય છે કે આપે અમારા ગામમાં આવો મહામહોત્સવ કરવાની ઈચ્છા કરી. આ યજ્ઞમાં જેટલા ચોખા જોઈશે, જેટલું બળતણ જોઈશે, બળદ કે ઘોડાઓ માટે ઘાસ, ચંદી, પાવરો વગેરે જે જોઈશે તે અમો પૂરું પાડીશું." ભગવાન શ્રીહરિ તે સાંભળી ખૂબ રાજી થયા.

ભગવાન શ્રીહરિએ કોઈને સ્વપ્નમાં દર્શન દીધાં, કોઈની પાસે દિવ્ય સ્વરૂપે પ્રગટ થયા, કોઈના અંતરમાં પ્રેરણા કરી. એમ જે જે વસ્તુ જોઈતી હતી, જેમની સેવાની જરૂર હતી, તેમને સૌને આ રીતે શ્રીજીમહારાજે સંદેશો પહોંચાડી દીધો. ખેપિયા પહોંચ્યા પહેલા તો સૌ ઘેરથી આ મહાયજ્ઞ માટે સેવાની સામગ્રીઓ લઈને રવાના થવા લાગ્યા.

કરજીસણમાં રહેતા નારદીપુરના નાનાભાઈ વિપ્ર ઘીના ઘાડવા લઈને આવી ગયા. ભગવાન શ્રીહરિ ઘાડવા જોઈ રાજી થયા અને બોલ્યા : **'ત્યારે ઉચર્યા એમ શ્રીજીય, જે જે ઢોરનું આ હશે ઘીય; તે તે ઢોરનું કલ્યાણ થાશે, અંતે અક્ષરધામમાં જાશે.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૨/૨૭)

"નાનાભાઈ ! આજે તો કલ્યાણના વાવટા અમે છૂટા મૂક્યા છે. જે ભેંસનું આ ઘી હશે, તે ભેંસોનું પણ અમે કલ્યાણ કરીશું." નાનાભાઈ આ સાંભળી શ્રીજીમહારાજ સામે આશ્ચર્યવત્ જોઈ રહ્યા ! મહારાજે તેમને એ રીતે જોતા જોઈ કહ્યું : "એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. નાનાભાઈ ! પ્રગટનો પ્રતાપ જ એવો બળવાન છે. જે ઝાડ નીચે બેસે, જે ઢોરનું દૂધ-દહીં જમે તે સર્વેનું કલ્યાણ થાય. આ ફેરે તો ન દીઠી હોય કે ન સાંભળી હોય એવી રીત પ્રવર્તાવવી છે."

ભગવાન શ્રીહરિએ નાનાભાઈ વિપ્રને અગ્રેસર કર્યા. આશજીભાઈ અને જીવણ ભક્તને પણ મુખ્ય કામકાજમાં રાખ્યા. અશ્લાલી ગામનાં વેણીભાઈને યજ્ઞની સામગ્રી લાવવામાં મુખ્ય કર્યા અને અન્ય ભક્તોને પણ યોગ્યતા પ્રમાણે સેવા સોંપી.

શ્રીજીમહારાજે જોષીને બોલાવ્યા. યજ્ઞના પ્રારંભનું મુહૂર્ત જોવરાવ્યું. જોષીઓએ ટીપણાં લાંબા કરી ધન, મકર, કુંભનો મેળ બેસારી કહ્યું : "ઉત્તરાયણના સૂર્ય થાય પછી બ્રહ્મભોજન ચાલુ કરાય."

સં. ૧૮૬૫ના પોષ સુદ આઠમથી મહાયજ્ઞ પ્રારંભ કરવાનું જોષીઓએ મુહૂર્ત આપી દીધું. ગંગારામ, દયારામ, આશારામ, દેવરામ વગેરે વિપ્રો ભગવાન શ્રીહરિની સેવામાં રહ્યા. તે પ્રમાણે સ્ત્રીભક્તોમાં રળિયાત, રૂક્ષ્મણિ, રામાબાઈ, ઝવેરબાઈ વગેરે પણ ભગવાન શ્રીહરિની વિવિધ પ્રકારની સેવાનો લાભ લેવા તત્પર બની ગઈ. આશજી, કાકુજી, ગંગાદાસ, શંકર, જીવણભાઈ, મનોહર, રાવજીભાઈ આદિ વૈશ્ય ભક્તો યજ્ઞ માટેની તમામ તૈયારી કરવામાં લાગી ગયા.

બીજે દિવસે ઉત્તરાયણ હોવાથી ભગવાન શ્રીહરિએ બ્રાહ્મણોને ભોજન કરાવ્યું. તે દિવસે તો ફક્ત જેતલપુર તથા આજુબાજુના ગામના બ્રાહ્મણો હતા એટલે હરિભક્તોની ગણતરી મુજબ ઘી વધ્યું. પણ પછી તો યજ્ઞ માટે વેદજ્ઞ બ્રાહ્મણો પણ આવવા લાગ્યા. અન્ય બ્રાહ્મણો પણ વરુણીમાં બેસવા આવી ગયા. ભોજનપ્રિય બ્રાહ્મણોનાં પણ ટોળેટોળાં આવવા લાગ્યાં. જેતલપુરની સીમ, ખેતર, વાડીઓ વગેરેમાં ભૂદેવોનાં ઊમટેલાં જૂથોથી એક તસુની પણ જગ્યા રહી નહિ. સત્સંગીઓ પણ તે પ્રમાણે આવવા લાગ્યા. સંતોના મંડળો, કાઠી હરિભક્તો પણ જેતલપુરના આ યજ્ઞમાં ભગવાન શ્રીહરિના દિવ્ય પ્રભાવનાં દર્શન કરવા, તેઓની સેવા કરવા, તેઓની વાણી સાંભળવા દેશોદેશથી ઊમટવા માંડ્યા.

સંતોના મંડળો પણ જેતલપુર ભણી આવવા લાગ્યા. ભગવાન શ્રીહરિને કોઈકે ખબર આપ્યા કે 'જામનગરથી સ્વરૂપાનંદ સ્વામીનું મંડળ આવી ગયું છે.' એટલામાં સુરતથી આત્માનંદ સ્વામી તેમનું મંડળ લઈને આવી ગયા. બ્રહ્માનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામી પણ પોતપોતાના મંડળ સાથે આવી ગયા. સમગ્ર સત્સંગનો સમૂહ જેતલપુરના માર્ગે આવ્યો જ જતો હતો. જેમ સંતોના મંડળો, હરિભક્તોના સંઘો આવ્યે જતા હતા, તેમ યજ્ઞ માટેની સામગ્રીઓના ગાડાંની વણજાર પણ જેતલપુર તરફ આવ્યે જ જતી હતી. આ બધું જોઈ લોકો પોતાની સ્મૃતિને ઢંઢોળતા હતા કે ગુજરાતના આંગણે કદી આવો મહામોટો યજ્ઞ થયો હોય !!

યજ્ઞ માટેની તમામ તૈયારીઓ પૂરી થઈ ગઈ. વેદજ્ઞ બ્રાહ્મણો જુદા જુદા પ્રાંતોમાંથી આવી ગયા. મહોલની સમીપે જ યજ્ઞકુંડ શાસ્ત્રવિધિ પ્રમાણે તૈયાર થઈ ગયો. ભગવાન શ્રીહરિ યજ્ઞકુંડ, યજ્ઞશાળા જોવા પધાર્યા. પ્રાંત-પ્રાંતના વિદ્વાન બ્રાહ્મણોને જોઈ ભગવાન શ્રીહરિ અતિ પ્રસન્ન થઈ ગયા. પછી વડની નીચે સભા થઈ. સૌ બ્રાહ્મણો પણ ત્યાં આવી ગયા.

શ્રીજીમહારાજે સભાને સંબોધતાં કહ્યું : "પ્રજાપતિ બ્રહ્માએ પ્રથમ સૃષ્ટિ કરી ત્યારે સર્વ પ્રજાને કહ્યું હતું કે તમો સર્વે યજ્ઞ કરજો અને યજ્ઞે કરીને જ તમારા પુરુષાર્થની સિદ્ધિ થશે અને સૃષ્ટિની વૃદ્ધિ થશે. ચાર પુરુષાર્થની સિદ્ધિ માટે સાત્ત્વિક યજ્ઞો જ આપણા શાસ્ત્રકારોએ બતાવ્યા છે. યજ્ઞમાં બલિમાં જવ, તલ, ઘી વગેરે હોમવાનાં હોય છે.

અત્યારે હિંસામય યજ્ઞોની જે પ્રવૃત્તિ થાય છે તે વેદ પ્રણીત નથી. પરંતુ જે એવી ખોટી પ્રથાના આગ્રહી છે અને તેમને અનુસર્યા છે તે કોઈ પ્રકારના ઉપદેશથી તેમની હિંસક યજ્ઞોની પ્રવૃત્તિ બંધ કરશે નહિ. તેથી આપણે આ અહિંસક યજ્ઞની શરૂઆત કરી વેદ પ્રણીત પ્રણાલીનું પુનરુત્થાન કરીએ છીએ.''

પર પ્રાંતના વિદ્વાન બ્રાહ્મણોએ ભગવાન શ્રીહરિનું જીવનમુક્તા તરીકે નામ સાંભળ્યું હતું. પરંતુ શ્રીજીમહારાજની વાણી સાંભળી ન હતી. તેઓની વાણી સૌને મંત્રમુગ્ધ કરી દે તેવી તેમને લાગી. તેમાં શાસ્ત્રોનો આધાર હતો. શુદ્ધ આચારની ફોરમ હતી.

પોષ સુદ આઠમથી યજ્ઞની શરૂઆત થઈ. નારદીપુરના **નાનાભાઈ** વિપ્રને યજ્ઞમાં **મુખ્ય યજમાન** તરીકે ભગવાન શ્રીહરિએ બેસાર્યા. વરુણીમાં બેઠેલા બ્રાહ્મણો ઉમરેઠના હરિરામ, તેમના પુત્ર નંદુરામ, પુરુષોત્તમ, કૃપાશંકર, કાશીરામ, હળવદના શિવરામ યાજ્ઞિક, હેમંત ઋષિ, પુરુષોત્તમ ઋષિ, મોતીરામ, દીનાનાથ ભટ્ટ, શિવરામભાઈ, પ્રાગજી દવે તથા અન્ય બ્રાહ્મણો હતા.

વેદમંત્રોના ઘોષ શરૂ થયા. વાજિંત્રો અને પડઘમ વાગવા લાગ્યાં. સ્ત્રીઓનાં મંગળ ગીતોના સૂરો પણ સંભળાવા લાગ્યા. વચ્ચે વચ્ચે બ્રાહ્મણોના 'સ્વાહા', 'સ્વાહા' શબ્દોના ઘોષ પણ ગાજવા લાગ્યા. સાથે સાથે ભોજન કરતા બ્રાહ્મણોના પણ 'હર હર મહાદેવ હર' એ શબ્દો પણ ગુંજવા લાગ્યા. જેતલપુરને આંગણે સત્યયુગના ધર્મના પ્રતીકરૂપ **અહિંસક યજ્ઞ** ભગવાન શ્રીહરિએ શરૂ કર્યો.

જેતલપુર ગામ, તેની સીમ, ખેતરો, વાડીઓ, આજુબાજુ ત્રણ-ત્રણ યોજનનો વિસ્તાર જાણે માનવ મહેરામણથી ઊભરાયો હતો. ઠેર ઠેર દેખાતી દૂધ જેવી સફેદ રાવટીઓ, તંબૂઓ, જાણે માનસ સરોવરના હંસો ભગવાન શ્રીહરિના દર્શન માટે ઊમટ્યાં હોય તેવા શોભતાં હતાં!

યજ્ઞની વિધિની શરૂઆત કરાવી શ્રીજીમહારાજ ગંગામાને ત્યાં જમવા માટે પધાર્યા. ત્યાં લીમડા નીચે વેદિકા ઉપર બેસી મહારાજે સ્નાન કર્યું. પછી ધોયેલાં સફેદ વસ્ત્રો પહેરી જમવા માટે બાજોઠ ઉપર બિરાજમાન થયા. જયાનંદ વર્ણી તથા મુકુંદવર્ણી ભગવાન શ્રીહરિની સેવામાં હતા. ગંગામાએ સુંદર રસોઈ બનાવી હતી. શ્રીહરિ જમતાં જાય અને ગંગામાની રસોઈના વખાણ કરતાં જાય : ''અત્યાર સુધી ઘણે ઠેકાણે સ્ત્રીભક્તોએ બનાવેલી રસોઈ અમે જમ્યા છીએ પરંતુ આ ગંગામા જેવી સ્વાદિષ્ટ રસોઈ કોઈને કરતાં આવડતી નથી.''

ભગવાન શ્રીહરિ જમી રહ્યા પછી ચળું કરી સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા. યજ્ઞનું કાર્ય, બ્રહ્મભોજન વગેરે વ્યવસ્થા પ્રમાણે ચાલતું હતું. શ્રીજીમહારાજ આજ્ઞા કરતા અને વ્યવસ્થા થઈ જતી. બધું જ આયોજન મહારાજની સૂચના અનુસાર થયું હતું. ભગવાન શ્રીહરિ આરામમાંથી ઊઠી સ્નાનાદિક વિધિથી પરવારી યજ્ઞનું કાર્ય તેમજ હરિભક્તો જે દૂર દૂરથી આવ્યા હતા તેમની ઉતારાની વ્યવસ્થા, તેમની જરૂરિયાતો વગેરેનું નિરીક્ષણ કરવા નીકળ્યા. બધે ફરતાં ફરતાં સાંજ પડી ગઈ. સંધ્યા આરતીનો સમય થયો એટલે મહોલ નીચે મંડપમાં જ ભગવાન શ્રીહરિ સભામાં બિરાજમાન થયા. દીવાઓની જ્યોત તથા મશાલોનો પ્રકાશ સર્વત્ર પ્રસરી ગયો. સંધ્યા આરતી કરી અને પછી ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો સાથે ધૂન બોલવા લાગ્યા.

પછી શ્રીજીમહારાજ સભામાં પ્રસંગે પ્રસંગે **ઉદ્‌બોધન** કરતા હતા. તે પ્રમાણે અત્યારે પણ મહારાજે સભામાં વાત શરૂ કરતા કહ્યું : ''ભોજન ભોજન પ્રત્યે જુદા જુદા સ્વાદ છે. તેના ગુણ પણ જુદા જુદા છે તેથી સૌ વિવિધ પ્રકારના ભોજન ઈચ્છે છે. પરંતુ તરતના તાજા ભોજનમાં જે સ્વાદ રહ્યો છે તેવો સ્વાદ બીજા ભોજનમાં નથી અર્થાત્ જેવો પ્રત્યક્ષ સ્વરૂપમાં માલ છે તેવો પરોક્ષ સ્વરૂપોમાં નથી. તે રીતે અવતારોનું પણ જાણવું. અવતારમાં ભેદ નથી પરંતુ ગુણ અને ચરિત્રમાં ભેદ છે. જેને જે અવતાર મળ્યા હોય તેને તે સર્વોપરી કહે અને તે જ ભાવે તેની ભક્તિ કરે.''

ભગવાનના સ્વરૂપનું જ્ઞાન કેવળ સાંભળવાથી કે કેવળ તેમને જોવાથી થતું નથી. એ તો જેમ હીરે કરીને હીરો વેંધાય, તેમ જ્યારે શ્રીહરિ પોતે જ પ્રગટ થાય અને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપે ત્યારે જે જ્ઞાન થાય તે સાચું. બીજા તો શ્રીહરિના સ્વરૂપના જ્ઞાનની વાત કરવામાં પોતાની સમજણ લાવી દે, પોતે જેવો મહિમા જાણ્યો હોય તેને જ સર્વોપરી મહિમા સમજાવે. શ્રીહરિનો મહિમા બીજા વિશેષ જાણતા હોય તોપણ તેમાં ગૌણતા બતાવે, અક્ષર પર્યંત બધામાં જ


પ્રાસાદિક યજ્ઞસ્થાન


પ્રાસાદિક દેવસરોવર

કસર બતાવે. શ્રીહરિ તો અવતારના અવતારી છે તેથી પોતાના સર્વોપરી સ્વરૂપનો મહિમા કહેવામાં બીજાની ગૌણતા આવે તેનો તેમને બાધ નહિ. આગળ જે જે અવતારો થઈ ગયા તે બધા જ જે આ પ્રગટ સ્વરૂપનું ધ્યાન-ભજન-ઉપાસના કરે છે તેના ઉપર પ્રસન્ન થાય છે.

સર્વ અવતારના અવતારી પોતે પ્રગટ થયા તે પ્રગટ મૂર્તિ ઉપર જ લક્ષ્ય રાખી તેમની જ ભક્તિ-ઉપાસના અને ધ્યાન કરવું. આગળ અનંત અવતારો થઈ ગયા છે તે પૂજનીય છે, વંદનીય છે, તેમના ચરિત્રો ગાવા યોગ્ય છે પરંતુ તાજા તરતના કરેલા ભોજનની જેમ સ્વાદ તો આ પ્રત્યક્ષ મૂર્તિની જ ઉપાસના-ભક્તિમાં છે.

(ભગવાન શ્રીહરિની આ **જ્ઞાનગોષ્ઠિ** સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામીએ **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથના પૂર ૮ તરંગ ૧૩માં વર્ણવી છે.)

ભગવાન શ્રીહરિની વાતનું રહસ્ય સમજવું કઠણ હતું છતાં તેઓની કૃપાથી ઘણા સમજી ગયા. મોડી રાત્રે ભગવાન શ્રીહરિ મહોલમાં પોઢી ગયા. વહેલી સવારે ભગવાન શ્રીહરિ જાગ્યા ત્યારે સંતો નારાયણ ધૂન કરતા હતા. તે સાંભળવા શ્રીહરિ ગોખમાં આવીને બિરાજ્યા. થોડીવારે પોતે સંતો પાસે પધાર્યા. અહીં શ્રીહરિને જોઈ સૌ સ્વસ્થ થઈ ગયા. શ્રીજીમહારાજે રામદાસભાઈને કહ્યું : "ભગવાનના નામમાં ભગવાન મૂર્તિમાન રહ્યા છે માટે પ્રથમ ભગવાનના નામનું ઉચ્ચારણ કરવું પછી ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. ધ્યાન-ભજન સિવાય સત્સંગમાં એક સ્થિતિ રહેવી કઠણ છે." એટલું કહીને ભગવાન શ્રીહરિ થોડી વાર મૌન રહ્યા. પછી બોલ્યા :

**'મુક્તમુનિ સંતને કેહુ, સર્વોપરી હમ જાનત તેહુ;**
**માહાત્મ્ય કો ગુન હે અધિકાઈ, દિન દિન પ્રતિ હોત ચઢાઈ.'**

"આ મુક્તાનંદ સ્વામી **સર્વોપરી સંત** છે. તેમને સૌ સાથે સદ્‌ભાવ છે, કોઈમાં અધિક કે ન્યૂન ભાવ નથી. પોતાનો દ્રોહ કે ઈર્ષ્યા કરનારાનું પણ હિત થાય તેવું ઈચ્છે છે. રામાનંદ સ્વામીના સમયથી તેમનું જેવું અંગ બંધાયું હતું તેમાં નિત્ય નવો રંગ ચઢે છે પણ કદી મોળા પડતા નથી. અમે આપેલા નિયમોને પણ અમારું સ્વરૂપ જાણી દૃઢતાથી પાલન કરે છે. કોઈ પ્રકારની મોટાઈ કે માન તેમના અંતરમાં કદી જોયા નથી એવા તે સરળ સ્વભાવના છે."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૮/૧૪)

### શક્તિપંથી કીચક સાથે શાસ્ત્રાર્થ :

યજ્ઞના દિવસોમાં ભગવાન શ્રીહરિ રોજ સવાર-સાંજ સભા કરતા. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, દેવાનંદ સ્વામી કીર્તન-ભક્તિ કરતા. શ્રીજીમહારાજ હરિભક્તો, સંતોને ઉપદેશની વાતો કરતા.

'एतस्मिन्नन्तरे कश्चित्क्षुद्रशक्तेरुपासकः । तत्र विप्रः कीचकाख्यः समायाद्भूमसंसदि ।।' - એક દિવસ ભગવાન શ્રીહરિની સભામાં મહેમદાવાદનો શક્તિપંથી કીચક નામનો વિપ્ર (જે બંસીધર એવા બીજા નામથી પણ પ્રસિદ્ધ છે, તે) તેના શિષ્યો સાથે આવ્યો.

(શ્રી સત્સંગિજીવન : ૨/૪૫/૧૯)

તેણે કહ્યું : "મારે પ્રશ્નો પૂછવા છે."

ભગવાન શ્રીહરિએ કહ્યું : "ભલે, અમે યજ્ઞવિધિ માટે વિદ્વાન બ્રાહ્મણોને બોલાવ્યા છે તેમને અહીં બોલાવીએ પછી તમારે જે પ્રશ્નો પૂછવા હોય તે પૂછજો." એટલું કહી ભગવાન શ્રીહરિએ ત્યાં અમદાવાદના વિદ્વાન વિપ્ર નરભેરામ તથા નથુરામ, નડિયાદના આશારામ, વીસનગરના દુર્ગાશંકર, સુરતના નારાયણરામ અને દામોદર તથા કાશીના કૃષ્ણરામ અને હરિપ્રસાદને બોલાવ્યા. તેઓ સભામાં આવ્યા એટલે ભગવાન શ્રીહરિએ કીચકને કહ્યું : "હવે તમારે જે પ્રશ્નો પૂછવા હોય તે પૂછો."

એટલે કીચકે પૂછ્યું : "શક્તિની ઉપાસના ક્યા ઉપચારોથી કરવી?"

ત્યારે તે વિદ્વાન બ્રાહ્મણોએ કહ્યું : "શક્તિ એ ભગવાનનું સ્વરૂપ છે. લક્ષ્મી, સરસ્વતી અને પાર્વતી આ ત્રણ દેવીઓ તે ભગવાનની શક્તિ છે. જેમ ભગવાનનું પૂજન-અર્ચન ચંદન, કંકુ, કેસર, અક્ષત, શ્રીફળ તથા બીજા અનેક ધન-ધાન્યમાંથી બનાવેલા ભોગોથી કરીએ છીએ તે જ પ્રમાણે તેમના સ્વરૂપ રૂપ તેમની શક્તિની પૂજા પણ તે જ ઉપકરણોથી કરવાની હોય છે."

કીચક આ ઉત્તર સાંભળી મૂંઝાયો. તે શક્તિપંથી હતો, કૌલમતવાદી હતો, તેથી માંસ અને મદિરાથી શક્તિનું પૂજન કરતો. આ વિદ્વાન બ્રાહ્મણો પાસે પણ તેણે એ જ ઉત્તરની અપેક્ષા રાખી હતી. કારણ કે, સમગ્ર ગુજરાત-સૌરાષ્ટ્રમાં બ્રાહ્મણો કૌલમતને આશર્યા હતા. તેની મૂંઝવણ જોઈ ભગવાન શ્રીહરિએ આ બ્રાહ્મણોને પૂછ્યું : "વિપ્રો ! જે બ્રાહ્મણો મદ્ય-માંસથી શક્તિની પૂજા કરી ઉપાસના કરતા હોય છે તેમની ઉપાસના ક્યા પ્રકારની સમજવી?"

વિદ્વાન બ્રાહ્મણોએ તરત જ કહ્યું : "તે તામસી ઉપાસના છે અને એ રીતે શક્તિની ઉપાસના કરનારા બ્રાહ્મણો એ બ્રાહ્મણો નથી પરંતુ મ્લેચ્છ છે."

ભગવાન શ્રીહરિ આ સાંભળી ઊંચેથી બોલ્યા : "સૌ સાંભળો. આ કીચક વિપ્રના પ્રશ્નનો ઉત્તર આપણે ત્યાં યજ્ઞમાં આચાર્યો તરીકે આવેલા વિદ્વાન વિપ્રો વૈદિક શાસ્ત્રોના આધારે કરતાં કહે છે "જે વિપ્રો શક્તિની ઉપાસના મદ્ય-માંસથી કરતા હોય છે તેમને મ્લેચ્છ જાણવા." અમે કલ્પનાથી નથી કહેતા, પરંતુ આ વિદ્વાન બ્રાહ્મણો શાસ્ત્રોના આધારે કહે છે. માટે શાસ્ત્રોનો સનાતન સિદ્ધાંત-અહિંસક યજ્ઞો કરી યજ્ઞનારાયણને પ્રસન્ન કરવા એ જ છે."

વિદ્વાન બ્રાહ્મણોના શાસ્ત્રના સપ્રમાણ સમર્થનથી મદ્ય-માંસથી શક્તિની પૂજાનો નિષેધ સાંભળી કીચક મૂંઝાયો. તેના શિષ્યો ઉશ્કેરાયા. તેમને લાગ્યું કે સ્વામિનારાયણે કૌલમત તોડવા માટે જ આ બધો પ્રપંચ આદર્યો છે, અહિંસક યજ્ઞો તેથી જ કરે છે. તેમણે યજ્ઞમાં આવેલા પોતાના મતના બ્રાહ્મણોને ઉશ્કેરી યજ્ઞમાં વિઘ્ન નાંખવાનું વિચાર્યું. ભગવાન શ્રીહરિએ તેમને કહ્યું : "કોઈપણ ધર્મ કે

સંપ્રદાય જેનું વેદાદિક શાસ્ત્રો પ્રમાણ ન કરતા હોય તો તે કલ્પિત ધર્મ કે સંપ્રદાય જાણવો અને તે અંતે ટકી શકશે નહિ. તમારા મંતવ્યોને આપણા કોઈપણ શાસ્ત્રોનો આધાર નથી. ફક્ત તમારા રચેલા શાસ્ત્રો ઉપર જ તમે તે ટકાવ્યો છે. જેથી અંતે તેનો નાશ થઈ જશે.''

શ્રીજીમહારાજની આ વાણીમાં શાપ ન હતો, પરંતુ શાસ્ત્રોનું મંતવ્ય હતું. કીચક અને તેના શિષ્યોને આ રીતે તેમના મંતવ્યનો હ્રાસ થયો તે ન ગમ્યું. તેમનામાં ઉશ્કેરાટ વધ્યો. ભગવાન શ્રીહરિ પ્રત્યે દ્વેષની ભાવના તેમના અંતરમાં ભડકે બળવા લાગી. ભગવાન શ્રીહરિ તેમના અંતર્ગત ભાવો જાણી ગયા.

પ્રથમ મહારુદ્ર પૂરો થયો. બીજે જ દિવસે **વિષ્ણુયાગ** શરૂ થયો. વામી બ્રાહ્મણોએ જાણ્યું કે યજ્ઞનું કાર્ય તો નિર્વિઘ્ને થતું જ જાય છે. એ રીતે જો તે પૂરું થઈ જશે તો સ્વામિનારાયણનો દિગ્વિજય થશે. માટે ગમે તે પ્રકારે યજ્ઞમાં વિઘ્ન નાખવું જ જોઈએ. આ બ્રાહ્મણોએ અમદાવાદમાં ગાયકવાડના મરાઠા સૂબાને કાને આ વાત નાખી. તે **વામમાર્ગી** હતો, ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે તેને દ્વેષ હતો. તેથી તે આ વાત સાંભળી ઉશ્કેરાયો. બ્રાહ્મણોએ તેને કહ્યું : ''અહીંથી યજ્ઞ માટે ઘીના ઘાડવા **જેતલપુર** જાય છે તે જો તમે અટકાવો તો જ યજ્ઞમાં વિઘ્ન આવે. પછી અમારા બ્રાહ્મણો ઘી માટે કોલાહલ કરશે. બ્રાહ્મણોને ઉશ્કેરશે તેથી અંતે બધું વેરવિખેર થઈ જશે.''

### દ્વેષીલા બ્રાહ્મણો દ્વારા યજ્ઞમાં વિઘ્ન કરવાના પ્રયત્નો :

દ્વેષીલા બ્રાહ્મણોએ પોતાની યોજના પ્રમાણે યજ્ઞમાં ભંગ કરવાની શરૂઆત કરી દીધી. પાકશાળામાં જે લાડુ હતા તે બધા રાત્રે તળાવમાં ફેંકી દીધા. બીજે દિવસે સવારે રસોઈની તૈયારી કરવાની શરૂઆત કરી એટલે બ્રાહ્મણો ભંડારી પાસે આવ્યા : ''લાડુ બધા ખલાસ થઈ ગયા છે. નવી રસોઈ બનાવવાની છે. અમારા ચોકાના બાવીસ હજાર બ્રાહ્મણો માટે ઘી આપો.''

ભંડારી સાધુઓએ તરત જ ઘીનાં કુડલાં તપાસવા માંડ્યાં, પણ બધાં જ ખાલી જોયાં. આથી તે મૂંઝાયા. ભંડારીની આ મૂંઝવણ જોઈ બ્રાહ્મણોએ કોલાહલ મચાવવો શરૂ કર્યો. આ કોલાહલ સાંભળી આનંદાનંદ સ્વામીએ મહાનુભાવાનંદ સ્વામીને મહારાજ પાસે મોકલ્યા. તેમણે ભગવાન શ્રીહરિને કહ્યું : ''મહારાજ ! પાકશાળામાં ઘીનાં બધાં જ કુડલાં ખાલી થઈ ગયાં છે. બ્રાહ્મણો ઘી માટે કોલાહલ મચાવી રહ્યા છે.''

ભગવાન શ્રીહરિ તરત જ પરિસ્થિતિ સમજી ગયા. તેઓ મહાનુભાવાનંદ સ્વામી સાથે પાકશાળા તરફ ગયા. અહીં આનંદાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! ઘીનાં ગાડાં હજુ આવ્યા નથી અને બ્રાહ્મણોએ યજ્ઞમાં વિઘ્ન કરવાના પ્રયત્નો કર્યા હોય તેમ લાગે છે.''

તે સાંભળી એક પાર્ષદે કહ્યું : ''મહારાજ ! આ તળાવમાં જુઓ. રાત્રે લાડવા તળાવમાં નાખી દીધા હોય તેમ લાગે છે. પાણી ઉપર ખસખસ તરે છે અને લાડવાની કણો પણ ઉપર તરતી દેખાય છે.''

ત્યારે શ્રીજીમહારાજે સૌને ધીરજ રાખવા કહ્યું : ''તમે સૌ ધીરજ રાખો. આ બધું કામ દ્વેષીલા બ્રાહ્મણોનું છે. ઘીનાં ગાડાં આવતાં પણ તેમણે અટકાવ્યાં છે, લાડવા પણ તેમણે જ તળાવમાં નાખી દીધા છે. તેમનો ઈરાદો એવો છે કે ખુટવાડવું અને ખોટું દેખાડવું. પણ તેમનો આશય પાર પડે તેમ નથી.'' આટલું કહીને ભગવાન શ્રીહરિએ પોતાના હાથમાં સોટી હતી તે દરેક કુડલાં ઉપર અડાડી. પછી ભંડારીને કહ્યું : ''તમે જુઓ તો ખરા ! કુડલામાં થોડું ઘી તો હશે.''

ભંડારી સંતે કહ્યું : ''મહારાજ ! બધું જોયા પછી જ આનંદાનંદ સ્વામીએ મહાનુભાવાનંદ સ્વામીને આપની પાસે મોકલ્યા હતા.''

''છતાં ફરી જુઓ.'' શ્રીજીમહારાજે કહ્યું. ભંડારી સંતે ફરી જોયું તો બધાં જ કુડલાં ઘીથી ભરેલા જોયા. તેમના આનંદનો પાર ન રહ્યો. ભગવાન શ્રીહરિનો પ્રતાપ તેમને સમજાઈ ગયો.

ભગવાન શ્રીહરિએ તેમને કહ્યું : ''આપણા હરિભક્ત બ્રાહ્મણોને જ પાકશાળામાં રાખો. તેમને જોઈએ તેટલું ઘી આપો. કાંઈ ખૂટવાનું નથી.!'' આમ કહી શ્રીજીમહારાજ પોતાની સાથે પચ્ચીસ બ્રાહ્મણો હતા તેમને લઈ બ્રાહ્મણોની જુદી જુદી પાકશાળામાં ગયા. ત્યાંના દ્વેષીલા બ્રાહ્મણોને યુક્તિપૂર્વક બહાર બોલાવી હળવદના બ્રાહ્મણો તથા બીજા હરિભક્ત બ્રાહ્મણોને દરેક પાકશાળામાં ગોઠવી દીધા. દરેક પાકશાળામાં સીધા-સામગ્રી સાથે ઘીનાં કુડલાં પણ આવવા લાગ્યાં. તે જોઈ દ્વેષીલા બ્રાહ્મણોને આશ્ચર્ય થયું. તેમને લાગ્યું કે યજ્ઞમાં વિઘ્ન કરવાની પોતાની મેલી મુરાદ હતી તે નિષ્ફળ ગઈ !

દ્વેષીલા બ્રાહ્મણોની આવી ખળતા જોઈ, ભગવાન શ્રીહરિ સાથેના પાર્ષદો એકદમ ક્રોધિત થઈ ગયા. ભગવાન શ્રીહરિ તેમનો ભાવ કળી ગયા. તેથી મહારાજે કહ્યું : ''બ્રાહ્મણો તો જગત્ગુરુ કહેવાય. તેમને માટે કોઈ અનિષ્ટ સંકલ્પ કરવો નહિ.''

અઢાર દિવસ સુધી ચાલેલા આ મહાયજ્ઞની પૂર્ણાહુતિનો દિવસ આવ્યો. ભગવાન શ્રીહરિએ સવારે જ હરિભક્ત બ્રાહ્મણોને સૂચના આપતાં કહ્યું : ''જે બ્રાહ્મણોએ લાકડી હાથમાં રાખી હોય તે તરત જ ઝૂંટવી લેવી. તે પીરસે તેના ઉપર બરાબર ધ્યાન રાખવું. સૌને સારી રીતે જમાડવા પણ બગાડ તો કરવા દેશો જ નહિ. કાઠીઓ તમારી મદદમાં છે.''

કપોતાની મેલી મુરાદાઠીઓને પણ ભગવાન શ્રીહરિએ સૂચના આપી દીધી : ''બ્રાહ્મણો જમવા બેસે ત્યારે પંક્તિએ તમે ઊભા રહેજો. જો જરા પણ કોલાહલ કરે, તો પકડીને બહાર કાઢી મૂકજો.''

શ્રીજીમહારાજે કરેલી વ્યવસ્થાથી બ્રહ્મભોજન નિર્વિઘ્ને પાર પડ્યું. કાઠીઓ જમતા બ્રાહ્મણોની પંક્તિઓ સામે જ તેમની બંધૂકની નાળ ધરીને ઊભા હતા. બ્રાહ્મણોને ગોળી ખાવી તેના કરતાં લાડુ જમવા તે વધુ ઈષ્ટ લાગ્યું. સૌ નીચું મુખ રાખી જમતા હતા. તેમના મનની મનમાં જ રહી ગઈ.

મહારુદ્ર અને વિષ્ણુયાગ અઢાર દિવસ ચાલ્યા. અઢાર દિવસ સુધી રોજ હજારો બ્રાહ્મણો જમ્યા. યજ્ઞમાં પરનાળે ઘી હોમાયું. કાંઈ જ ખૂટ્યું નહિ, મેલાઓની મેલી મુરાદ મનમાં રહી ગઈ. યજ્ઞની

નિર્વિઘ્ને પૂર્ણાહુતિ થઈ. પૂર્ણાહુતિને દિવસ ભગવાન શ્રીહરિએ અતિ ઉત્તમ હોમ કરાવ્યા. શ્રીફળ હોમ્યાં અને યજ્ઞનારાયણને પ્રસન્ન કર્યા. વિપ્રોને દક્ષિણા આપી.

### શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામીએ 'જેતલપુર મહાયજ્ઞ'માં ભગવાન શ્રીહરિની લીલાચેષ્ટાનું કરેલ વર્ણન :

જ્યારે યજ્ઞ ચાલું હોય ત્યારે **શ્રીહરિ** તેની પાસે જઈને બેસતા. વિપ્રો વેદ મંત્રોનો ઉચ્ચાર કરતા હતા. તે સાંભળીને શ્રીહરિ ઘણું રાજી થતા હતા. વિપ્રો અને દેવો સાથે મળીને વેદમંત્રોનું ગાન કરતા હતા. દસ હજારથી લઈને વીસ હજાર સુધીના ફૂલહાર હરિભક્તો એકતાર-નિરંતર લાવતા હતા. તે લાવીને શ્રીહરિને ધરાવતા. નિત્ય નવા નવા ઉત્સવ છવાઈ જતા હતા. શ્રીહરિ કેટલાક હાર વિપ્રોને આપતા. ત્યારે તેઓ ઘણા ભાવથી ફૂલહાર લઈ લેતા. કેટલાક હાર સંતોને અને હરિભક્તોને પણ આપતા હતા.

શ્રીહરિ કેટલાક હારને લઈને મંડપમાં લટકાવી દેતા હતા. તેથી મંડપ પણ પ્રફુલ્લિત ફૂલ બાગ જેવો લાગતો. એક પહોર (ત્રણ કલાક) સવારે અને એક પહોર સંધ્યા પછી રાતે સભા થાતી. તે સભાને મધ્યે સિંહાસન ઉપર શ્રીહરિ સુશોભિત રીતે બેસતા હતા. તે સિવાયના સમયમાં યજ્ઞશાળામાં જઈને વિપ્રોને દર્શન આપતા. સરોવર પાસેના કોટમાં અપાર વિપ્રો ચૂરમું તળીને તેના લાડુ ઘણા સારા બનાવતા હતા. શિયાળો હતો, એટલે લાડુમાં જેટલું સમાય તેટલું ઘી નાખતા હતા. ફરતા ગામ-વહેલાલ અને કણભાના જે હરિભક્તો હતા, તેઓ કાષ્ઠનાં ગાડાં ભરીને લાવતા અને ઘાસનાં પણ ગાડાં ભરીને લાવતા જેનો કોઈ પાર ન હતો.

ચોખા અને લોટના મોટા પર્વત જેવા ઢગલા કર્યા હતા. તે રીતે જ ગોળ, ઘી અને તુવેરની દાળના પણ પર્વત જેવા ઢગલા કર્યા હતા. તે રીતે માટીના નવા વાસણ પણ ઢગલા બંધ લાવ્યા હતા. જે સામાન લાવતા તેના અલગ અલગ ઢગલા કરાવતા હતા. બધા સામાનના ઉપર સંતોની ચોકી હતી. તે બધી વાત અલૌકિક દેખાતી હતી. સામાનની દેખરેખ રાખનારા જે જે સંતો અને હરિભક્તો હતા ત્યાં જઈને શ્રીહરિ તેમને પણ દર્શન દેતા હતા. વારે વારે તેમને પૂછતા, સામાન કેટલો છે ? કોઈ સામાન ખૂટે તેમ હોય તો કહેજો, વાત છાની રાખવી નહિ. જે વિપ્ર હરિભક્ત હતા તેમને રસોઈ બનાવવામાં આગેવાન કર્યા હતા. સત્સંગ સિવાયના વિપ્રો પત્રાવળી અને પડિયાને ફેરવતા રહેતા.

ક્ષત્રિય હરિભક્તોને શ્રીહરિએ કહ્યું હતું કે તમારે હથિયાર બંધ રહીને સંઘની ચોકી કરવા સતત ફરતા રહેવું. ચોકી કરવા માટે વારા ફરતી ત્રણ ત્રણ કલાકના અનુક્રમે રાતે અને દિવસે વારા ગોઠવી દીધા હતા. તે એક ધારા ચોકી કરતા. હોશિયાર વણિક હરિભક્તોને ખર્ચ લખવા માટે ગોઠવી રાખ્યા હતા. જે સામાન ઉપર જે રહેતા તેઓ તેનો ખર્ચ લખી રાખતા અને જે **મયારામ ભટ્ટ** હતા, તેને જ સહુના **મુખ્ય ધણી** કર્યા હતા. તેમને **માલિક** કરીને શ્રીહરિએ સોનેરી છેડાની પાઘ બંધાવી. સોના ચાંદીની દોત (શાહીનો ખડિયો) તેમને અપાવી. રેશમી કોરની બે ધોતી પહેરવા માટે આપી. અને બુટ્ટાદાર શ્વેત જામો ધર્મકુમારે તેમને પહેરાવી દીધો.

ભટ્ટજી નાતે વડનગરા નાગર હતા. ધન અને નારી બાબતે તો તેઓ શુદ્ધ હતા. મહાન નૈષ્ઠિક વ્રતને ધારી રહેલા અને ભારે વિષયના ત્યાગી હતા. શ્રીહરિએ મયારામ ભટ્ટની પાસે ચાર પાર્ષદ કામકાજમાં મદદ માટે રાખ્યા હતા. જરૂર પડે ત્યાં તેઓ દોડીને જાતા અને હરખથી તે કામ કરી આવતા. જેતલપુરના હરિભક્ત જે અમીન પાટીદાર હતા તેઓ તો નિર્બંધ રીતે સર્વ પ્રકારે સત્તાને ભોગવનારા હતા. કોઈ તોફાની તોફાન કરવા આવે, તો તેનું તરત જ અપમાન કરીને તેનો જવાબ લઈ લેતા હતા. જે હોશિયાર સેવા કરનારા ખેડૂત હતા તેમને કેટલાકને પાણી ભરવા માટે રાખ્યા હતા. તેઓ જલદી જલદી પાણી ભરી લાવતા હતા.

જે સુતાર હરિભક્તો હતા તેઓ લાકડાંને ચીરતાં-ફાડતાં હતાં અને કેટલાક તો તંબૂમાં કામ લાગે તેવી મેખો બનાવતા હતા. તે બધા રસોડે જમતા હતા. બધી સત્સંગી બાઈઓ અનાજને સાફ કરતી. કેટલીક ઘંટી ચલાવીને અનાજ દળતી. સહુ સેવા કરવા લાગી ગયા હતા. જે બાઈઓને રુક્મિણી વિવાહ આદિના ધોળ ગાતા આવડતા હતા. તેઓ દસ વીસ મળીને ગાતી હતી. અને કામકાજ કરતાં કરતાં પણ ઠેકઠેકાણે તેમની ગર્જના સંભળાતી હતી. કેટલીક હરિભક્ત બાઈઓ લોટ ચાળતી હતી. જે વિપ્ર બાઈઓ હતી તે બધી મળીને પાપડ વણતી હતી. સત્સંગી બધી બાઈઓમાં ગંગાબાઈ અને રેવાબાઈ મુખ્ય ગણાતી. તેઓ બાઈઓમાં પરસ્પર કલહ થવા દેતી નહિ.

તેઓ વિરજા અને રાધિકાના કલહની વાતો કહીને સત્સંગી બાઈઓના કલહને તરત જ ટાળી નાખતી હતી અને તેમને દ્રૌપદી અને સીતાજીના જેવો સ્વભાવ રાખવાનું શીખવાડતી. વળી પ્રતિદિન રુક્મિણીના જેવો સ્વભાવ રાખવાનું પણ શીખવતી હતી. જેવો સ્વભાવ જેને શીખવતી તેવો પાશ તેના જીવમાં ઊતરી જાતો હતો. જેનાથી અપકીર્તિ થાય અને પોતાનો સ્વભાવ પણ બગડે તે જોતી-વિચારતી. તેવા સ્વભાવની સ્ત્રીનો સંપર્ક છોડી દઈને સત્સંગના માર્ગમાં બધી બાઈઓને પ્રેમ રાખવાનું કહેતી હતી. તે ગંગાબાઈ અને રેવાબાઈ એવી તો અપાર વાતો કહેતી હતી; અને તે સત્સંગી બાઈઓને તે વાતો પ્રિય લાગતી હતી. જે વિપ્ર જ્ઞાતિની બાઈઓ હતી તેમનું જમવાનું પુરુષોથી અલગ હતું, એટલે કે બાઈઓ ભેળી બાઈઓ જ જમતી હતી. તેમજ વિપ્ર પુરુષો પણ પુરુષ વિપ્રોની પંગતમાં બેસીને જ જમતા હતા.

તૈયાર વાળેલા મોટા મોટા લાડુને જોઈને તો જમનારા વિપ્રોને પણ **આશ્ચર્ય** થાતું હતું. વિપ્રો જમવા બેસે ત્યારે તેમને પીરસનારા પાંચ હજાર વિપ્રો પંગતમાં વારંવાર પીરસવા ફરતા રહેતા હતા. જ્યારે લાડુ પીરસાઈ રહે ત્યારે તે લાડુ ભાંગીને તેમાં ફરી વાર ઘી

પીરસાતું હતું. જમનારા તે વિપ્રો જમતાં જમતાં પણ વધારે જમનારાની કીર્તિ ભરી વાતોને પરસ્પર મુખથી કહેતા રહેતા. તે વિપ્રો એવું પણ બોલતા કે આ ભૂમિ ઉપર અપરમપાર મોટા મોટા રાજાઓ છે. અને તેમણે અનેક કરોડોનું ધન પણ ભેળું કર્યું હોય છે, પણ તે ધન પુણ્ય કાર્યમાં લગારેય વાપરતા નથી. ધન ભેળું કરી કરીને તે અનંત રાજાઓ મરી ગયા છે. તેઓ ક્યારેય એવો વિચાર કરતા નથી કે મર્યા પછી તે ધન મરનારાને માટે શા ઉપયોગમાં આવશે ? આ સ્વામિનારાયણ સ્ત્રી ધનના ત્યાગી છે. તેમને ગામ કે ગરાસ કાંઈ જ નથી, છતાં તેઓ આવા અદ્ભુત યજ્ઞ કરે છે. કેટલાક વિપ્રો એવું બોલતા કે સિદ્ધ વિના આવું થઈ શકે નહિ. સ્વામિનારાયણ મનમાં જે જે ધારે છે, તેવું તે તરત જ કરે છે.

અઢાર દિવસ સુધી ઘી, જવ, ડાંગર, તલ, યજ્ઞીય કાષ્ઠ અને ઔષધિઓનો હોમ કર્યો અને દેવતાઓએ હોમની આહુતિઓને આરોગી-સ્વીકારી. જ્યારે પૂર્ણાહુતિ કરવાની હતી તે દિવસે અત્યંત મહાન ઉત્સવ કર્યો, ત્યારે અનંત બ્રહ્માંડોના દેવો આવ્યા. પ્રકટ શ્રીહરિએ તે સમયે યજ્ઞનારાયણનું રૂપ ધારણ કર્યું. જે ભાગ્યશાળી હતા, તેમને તે દર્શન થયા અને અભાગિયા દર્શન વિના રહી ગયા. જે દેવો આવ્યા હતા તે બધાએ ભાવ પ્રમાણે શ્રીહરિની પૂજા કરી અને શ્રીહરિએ તેમના સહુના ભાવ પૂરા કર્યા. બધા દેવો અનંત પ્રકારના વાજિંત્રોને વગાડતા હતા. તેમજ અનંત બ્રહ્માંડના ગાંધર્વો ગાન કરવા લાગ્યા.

જેટલા ગાંધર્વો હતા તેટલી જ અપ્સરાઓ પણ આવી હતી. તેમણે પોતાના બધા અંગોને વિચિત્ર રીતે સજાવ્યા હતા. તે ઘણા જ અદ્ભુત ભાવથી નૃત્ય કરતી હતી અને તેના ઝાંઝરના ઘૂઘરા ઘમઘમ અવાજ કરીને ઘમકતા હતા. બધાને શ્રીહરિને રાજી કરવાનું જ એક તાન હતું. તેથી તેઓ અદ્ભુત રીતે ગાતા હતા. તેમનામાં ગીત નૃત્યાદિનું જે ચાતુર્ય હતું તે બધું દેખાડવા લાગ્યા. બધા દેવોએ પુષ્પોની અને કેસરી ચંદનની વૃષ્ટિ કરી. તેઓ બધા મુખથી 'જય જય' 'જય જય' એમ બોલતા હતા. આમ શ્રીહરિની કીર્તિ બ્રહ્માંડમાં અપાર છવાઈ ગઈ. જેટલા બ્રહ્માંડોના દેવો આવ્યા હતા તે સહુએ અલગ અલગ રીતે શ્રીહરિની સ્તુતિ કરી અને જેટલા બ્રહ્માંડોના દેવો હતા, શ્રીહરિએ રૂપ પણ તેટલા જ ધારણ કર્યા હતાં. સમાધિવાળા મોટા સંતો બધા આ આશ્ચર્યને દેખતા હતા.

જેતલપુરમાં યજ્ઞ અત્યંત અનુપમ થયો. શ્રીહરિએ તેની સમાપ્તિ કરી. વિપ્રોને વિવિધ પ્રકારના દાન અને દક્ષિણાઓ આપી. જેને જેમ ઘટે તે રીતે સોનું, રૂપું અને વસ્ત્ર વગેરેના દાન દીધાં. વિપ્રોએ તેનાં ખૂબ જ વખાણ કર્યા. તે દિવસોમાં જે કોઈ પણ મનુષ્યો આવ્યા તે બધાને શ્રીહરિએ પ્રસન્ન મનથી જમાડ્યા. ફરતા ગામના માણસો પણ ઘણા જમ્યા. ત્યાંના સરોવરમાં જેટલું પાણી હતું તેટલું તો ઘી શ્રીહરિએ સૌને જમાડવામાં વાપર્યું. બીજાને તો કાંઈ ધીરજ રહે નહિ, પણ ભગવાન શ્રીહરિનાં મનમાં તેનું કાંઈ આશ્ચર્ય ન હતું. જ્યારે યજ્ઞની સમાપ્તિ થઈ રહી. વિપ્રોને દાન દઈ દીધાં. ત્યારે વિપ્રો ખૂબ જ પ્રસન્ન થયા અને વારંવાર જય જયકારનો ઘોષ કરવા લાગ્યા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૨/૫૯-૬૨)

### જેતલપુર મહાયજ્ઞમાં ગણિકાનું કલ્યાણ :

જેતલપુરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે અઢાર દિવસ સુધી **મહાવિષ્ણુયાગ** કરવાનું નિરધાર્યું. જનકલ્યાણાર્થે પરિભ્રમણ કરતા સંતોને અને સેવાનિષ્ઠ હરિભક્તોને તેડાવી લીધા. માનવમહેરામણ ઊમટી પડશે એમ ધારીને તેની પૂર્વતૈયારીમાં સહુ લાગી ગયા. તળાવના કાંઠે જ તંબૂઓ તણાયા. યજ્ઞકુંડ, સભામંડપ અને રસોડું વગેરેની તૈયારીઓ થઈ ગઈ. દાળ, ચોખા, ઘઉં, ગોળ વગેરેના મોટા મોટા ઢગલા કરવામાં આવ્યા ને ઘીનાં કુડલાં ભરવામાં આવ્યાં.

જે ગામની ભાગોળમાં આવો મોટો યજ્ઞ થતો હોય ને તે ગામની સ્ત્રીઓને સેવાનો લાભ ન મળે એ કેમ ચાલે ? ભગવાન શ્રીહરિએ કરુણા કરીને સંતો-હરિભક્તોને કહ્યું : "દરેક ઘેર દળવા માટે ઘઉં આપીને સ્ત્રીઓનેય સેવાનો લાભ આપવો." આખા જેતલપુર ગામમાં વા વેગે વાત ફેલાઈ ગઈ; ભગવાન શ્રી સ્વામિનારાયણ ઘેર-ઘેર દળવા માટે ઘઉં આપે છે. યજ્ઞમાં હજારો ભક્તજનો આવવાના, તેમને જમાડવા માટે ઘઉંનાં ગાડાંઓ જેતલપુરમાં શેરીએ ને ઘેર ઘેર ફરવા માંડ્યાં. માણાં ભરીને આપતા જાય ને કહેતા જાય : "ભગવાન શ્રી સ્વામિનારાયણે આદરેલા મહાયજ્ઞમાં કોઈ અન્નદાન કરે છે, કોઈ ધન દાન કરે છે, જ્યારે આ તમારું શ્રમદાન છે."

એક ઘરથી બીજા ઘર પાસે ગાડું ઊભું રહેતું જાય છે ને બારણે ઊભેલી બહેનો હોંશે હોંશે ઘઉં લેતી જાય છે. એમ કરતાં કરતાં એક મહેલ પાસે ગાડું ઊભું રહ્યું. એક સ્ત્રી ઘઉં લેવા શેરીના નાકા સુધી આવી પણ ગામની અન્ય સ્ત્રીઓના અને અમુક પુરુષોના કહેવા પ્રમાણે ગાડું આગળ ચલાવવામાં આવ્યું. તે સ્ત્રીને દળવા માટે ઘઉં આપવામાં ન આવ્યાં. કોઈએ ખુલાસો કર્યો કે, 'એ સ્ત્રી હલકાં કામ કરનારી છે.' બીજાએ કહ્યું : 'શરીરનો વેપાર કરે છે.' તો ત્રીજાએ કહ્યું : 'ગામની ઊતાર છે, એના હાથનું દળેલું કોણ ખાય ?'

ગાડું આગળના બારણે જઈને થોભ્યું.... પેલી ગણિકાબાઈનું નામ **લક્ષ્મી** હતું. જેનું માનભંગ થયું અને સમાજે તેનો બહિષ્કાર કરેલો. આખા ગામની સ્ત્રીઓને યજ્ઞની સેવાનો લાભ મળે ને પોતાને કેમ નહીં ? તે સામાજિક અન્યાયથી આવેશમાં આવી ગઈ. માણસનું જ્યારે 'સારું' થવાનું થાય છે ત્યારે આવેશમાં પણ તેને સદ્બુદ્ધિ સૂઝે છે. તેણીએ નક્કી કર્યું કે હું હમણાં જ ભગવાન સ્વામિનારાયણ પાસે જાઉં અને જવાબ માગું કે ગામની બધી સ્ત્રીઓને જે સેવાનો લાભ આપ્યો તે મને કેમ નહિ ? અને જો એ ભગવાન હશે તો મને આવો અન્યાય નહિ કરે.

આમેય લક્ષ્મીબાઈએ જે દિવસથી ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ સાંભળ્યું હતું તે દિવસથી તેનું મન તેમને મળવા ઝંખતું હતું. આજે બહાનું મળી ગયું. તે ઊપડી યજ્ઞકુંડ તરફ

જ્યાં ભગવાન શ્રીહરિ યજ્ઞકાર્યમાં હતા. જીવનાં પગલાં જગદીશ તરફ વળ્યાં. જીવનું રૂડું થવાનું થાય, ત્યારે જગદીશ તરફ ડગ મંડાય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન કરતાં જ લક્ષ્મીબાઈ તો સ્થિર થઈગઈ ! દિગ્મૂઢ બની ગઈ ! જાણે આવું સ્વરૂપ કોઈ દિવસ જોયું જ ન હોય ! થોડીવાર તો એ ભૂલી જ ગઈ કે પોતે શા માટે અહીં આવી છે ? તે વિચારે ચડી ગઈ. વિચારમાં ને વિચારમાં ભગવાનને સંબોધીને તે બોલી બેઠી હોત કે 'આજ દિવસ સુધીમાં તમારા જેવો કોઈ પુરુષ મારા ઓરડે નથી આવ્યો ભગવાન !' પણ તે તુરત જ જાગૃત થઈ ગઈ ને આર્તનાદે બોલી ઊઠી : "પ્રભુ ! મારી એક અરજ છે, જેતલપુરની દરેક સ્ત્રીને તો ઘર ઉઘડાવીને ઘઉં દળવા આપ્યા ને હું સામેથી લેવા ગઈ તોય ના પાડી મહારાજ ! હું એક જ યજ્ઞની સેવાથી વંચિત રહી જઈશ, પ્રભુ !"

શ્રીજીમહારાજ કંઈ જવાબ આપે તે પહેલાં તો બાજુમાંથી અવાજ આવ્યો : "ના, મહારાજ ! એને દળવા ઘઉં આપી શકાય તેમ જ નથી, તે તો..."

"હા ભક્તજનો ! કહેવાની કાંઈ જરૂર નથી. અમે જાણીએ છીએ કે તે કોણ છે ? અને એ પણ જાણીએ છીએ કે તે સેવા ઝંખતી એક સ્ત્રી છે !" આમ બોલતા બોલતા ભગવાન શ્રીહરિ નીચાં નેણે હાથ જોડીને ઊભેલી લક્ષ્મીને જોઈ રહ્યા ને પછી પૂછ્યું : "કેમ તારે પણ દળવા માટે ઘઉં જોઈએ છે, એમ જ ને ?"

"હા, મહારાજ !" લક્ષ્મીબાઈએ નરમાશથી કહ્યું.

"પણ તારે જાતે જ દળવા પડશે હોં !" શ્રીજીમહારાજે ચોખવટ કરી.

"હા, પ્રભુ ! મારી જાતે જ દળીશ. ધર્મનું કામ ભાડૂતી માણસો દ્વારા ન થઈ શકે મહારાજ !" લક્ષ્મીબાઈએ વિવેકપૂર્ણ જવાબ આપ્યો.

"તો ભક્તજનો ! જેટલા માગે એટલા ઘઉં એને આપો." એમ કહીને ભગવાન શ્રીહરિએ હળવેકથી ઊમેર્યું : "યજ્ઞની આ સેવા આપીને અમારે આ જીવનું કલ્યાણ કરવું છે."

લક્ષ્મીબાઈના આનંદનો પાર ન રહ્યો. એક આખી સૂંડલી ઘઉંની ભરીને તે પોતાને ઘેર લઈ ગઈ ને સીધી ઘંટીએ જ બેસી ગઈ. ભગવાન શ્રીહરિની મૂર્તિને અંતરમાં ધારીને **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** ભજન કરતાં કરતાં લક્ષ્મીબાઈ દળવા લાગી. જે મકાનમાં હંમેશાં વાસનાના ભૂખ્યા વરુઓને સંતોષવામાં આવતા, ત્યાં આજે સેવાની સરવાણી ફૂટી ! જ્યાં ભોગના ભડકા બળતા હતા, ત્યાં આજે ભક્તિની ભીનાશ આવી. આજ સુધીમાં લક્ષ્મીબાઈના ઘરનાં પગથિયાં ચઢનારા ઘણા આવ્યા અને ગયા, પણ આજે તો લક્ષ્મીબાઈને થયું કે આ દેહે બહુ પાપ કર્યાં હવે તો સેવા કરીને શુદ્ધ થઈ જવું છે. શ્રીજીમહારાજના સ્વરૂપની સ્મૃતિ સાથે તેના હાથ દળણું દળતા રહ્યા. તેનું મન આનંદથી તરબોળ બની ગયું. તેનું શરીર પરસેવે રેબઝેબ થઈ ગયું. પરની સેવા કાજે પાડેલા પરસેવાથી શરીરની વાસના ધોવાવા લાગી અને એના આત્મામાં ઉજાસ થયો. આજે ઘંટીમાં દાણા નહોતા દળાતા, પણ લક્ષ્મીબાઈના પાપ દળાતાં હતાં.



તેના પોચા હાથે આવું કઠિન કામ કદી કર્યું નહોતું. ઘંટી ફેરવીને તેના હાથમાં ફોલ્લા પડ્યા, પણ તેણે દળવાનું બંધ ન કર્યું. હાથે પાટા બાંધીને લક્ષ્મીબાઈએ એક જ બેઠકે બધું દળણું પૂરું કરી નાખ્યું. વિષયભોગના આનંદ કરતા આજે આ સેવાનો આનંદ વધુ સારો લાગ્યો.

ઘઉંની આખી સૂંડલી દળાઈ ગઈ. ઘંટીના થાળામાંથી લોટ એકઠો કર્યો. સૂંડલીમાં લૂગડાનો ધોયેલો કકડો મૂકી તેમાં લોટ નાખ્યો. ઉપર એક કટકો ઢાંક્યો ને માથે સૂંડલી મૂકીને લગભગ દોડતી હોય તે રીતે લક્ષ્મીબાઈ દેવસરોવરના કાંઠે મોટો મંડપ બંધાયો હતો ત્યાં ભગવાન શ્રીહરિ સભા ભરીને બેઠા હતા. સંતો કીર્તનનું ગાન કરતા હતા. સામે ગામ-પરગામના ભક્તજનો બેઠા હતા. એવામાં માથે સૂંડલી ઊંચકીને સભામંડપમાં લક્ષ્મીબાઈએ પ્રવેશ કર્યો.

સભાજનો સૌ જોઈ રહ્યા અને શંકા-કુશંકાઓ કરવા લાગ્યા : "આ તો વેશ્યા છે. હલકાં કર્મ કરે છે. તે કોઈ દિવસ જાતે દળે નહિ. કોઈ દાસી પાસે દળાવ્યું હશે. તેને વળી આશીર્વાદ કેવા ?"

લક્ષ્મીબાઈ નજીક આવી એટલે ભગવાન શ્રીહરિએ બધા સાંભળે એ રીતે કહ્યું : "બાઈ લક્ષ્મી ! તારે હાથે આ પાટા કેમ બાંધ્યા છે ?"

"મહારાજ ! આ ઘઉં દળીને લોટ લાવી છું." લક્ષ્મીબાઈએ ફેરવીને જવાબ આપ્યો ને સૂંડલી નીચે મૂકી.

"તે મારા પ્રશ્નનો જવાબ ન આપ્યો લક્ષ્મી ! હાથે પાટા કેમ બાંધ્યા છે ?" મહારાજે ફરી પૂછ્યું.

"ઘઉં દળતાં હથેળીમાં ફોલ્લા પડ્યા છે, તેથી હાથે પાટાં બાંધ્યા છે."

ભગવાન શ્રીહરિએ સભાજનોને માંડીને વાત કરી કે, "લક્ષ્મીબાઈનાં ધન્ય ભાગ્ય કે સામે ચાલીને ઘઉં દળવા માંગ્યા. એને ત્યાં ચાકરની ખોટ નથી, પણ એણે યજ્ઞ માટે જાતે સેવા કરી. એ કેવી કરી છે તે તમે બધા જુઓ."

શ્રીજીમહારાજે લક્ષ્મીબાઈને પોતાના હાથ સભાજનોની સામે ધરવા કહ્યું. તેથી લક્ષ્મીબાઈએ હાથ ઊંચા કરી સામે ધર્યા. બંને હથેળીઓ પર ફોલ્લા ઊપસી આવ્યા હતા. લોહીના ટશિયા ફૂટયા હતા. સૌ સભાજનો આ જોઈ સ્તબ્ધ થઈ ગયા. સૌની **શંકાનું નિવારણ** થઈ ગયું. લક્ષ્મીબાઈને આશીર્વાદ આપતાં ભગવાન શ્રીહરિએ કહ્યું : "જા **મુક્તાનંદ સ્વામી** જેવું તારું **કલ્યાણ** થશે. તારાં આજ સુધીના તમામ પાપકર્મ બળીને ભસ્મ થઈ ગયાં. હવે શુદ્ધ જીવન જીવી મનુષ્ય જન્મ સાર્થક કરી લેજે."

ભગવાન શ્રીહરિના વહાલપનાં વેણ તેના અંતરમાં સોંસરાં ઊતરી ગયાં ! તેણે કહ્યું : "પ્રભુ ! આપની દૃષ્ટિથી મારી કામવાસના નષ્ટ થઈ ગઈ છે. હવે તો તે નર્કાગારના વિચારથી જ અંતરમાં ધ્રુજારી છૂટે છે. પરંતુ પ્રભુ ! આપ નર્કાગાર સમા મારા ઘરે પધારી તેને પાવન કરો. મને તેથી વિશેષ પ્રેરણા મળશે. આપના દિવ્ય સ્વરૂપની પુણ્ય સ્મૃતિથી મારા અંતરમાં થયેલો પ્રકાશ કદી નાશ નહિ થાય. આપ એટલી દયા કરશો."

લક્ષ્મીબાઈએ ભગવાન શ્રીહરિને સંતો-ભક્તો સહિત પોતાના ભવનમાં પધરામણી કરવા આમંત્રણ આપ્યું. ભગવાન શ્રીહરિએ સહર્ષ સ્વીકાર્યું.

મહાયજ્ઞ દરમ્યાન એકદિવસ શ્રીજીમહારાજ મુક્તાનંદ સ્વામી, સુરાખાચર વગેરે સંતો-હરિભક્તો સાથે લક્ષ્મીબાઈના મહેલે પધાર્યા.

લક્ષ્મીબાઈના અંતરમાં શુદ્ધભાવ ઊભરાઈ રહ્યો હતો. તેણે જાતે મીઠાઈઓ બનાવી હતી. તે ભગવાન શ્રીહરિએ અંગીકાર કરી અને સૌને જમાડી રાજી કર્યા. લક્ષ્મીબાઈના અંતરમાં આનંદ-ઉમંગની ભરતી ચઢી હતી. એ તો ગાંડીઘેલી થઈને કહેવા લાગી : "અહોહો ! મારાં ભાગ્ય તો જુઓ ! અનંતકોટિ બ્રહ્માંડનો નાથ આજ આ અબુધ-અબળાને ત્યાં ક્યાંથી હોય ! ખૂબ કરુણા કરી, પ્રભુ !"

ભગવાન શ્રીહરિ પધાર્યા. સંતો નીચી દૃષ્ટિ રાખી કીર્તન ગાતાં ગાતાં ભગવાન શ્રીહરિની સાથે લક્ષ્મીબાઈના મહેલમાં દાખલ થયા. લક્ષ્મીબાઈએ એક બ્રાહ્મણ પાસે વિધિપૂર્વક ભગવાન શ્રીહરિની કેસરમિશ્રિત ચંદન, કંકુ, અક્ષત, ફૂલહાર વગેરે ઉપકરણોથી પૂજા કરી. પછી સંતોની પણ પૂજા કરી. પછી ભગવાન શ્રીહરિ સમક્ષ અનેક પ્રકારના મેવા-મીઠાઈઓ-ફળો વગેરેના થાળ મૂક્યા, રૂપિયા ભરીને ચાંદીનો થાળ મૂક્યો. ભગવાન શ્રીહરિએ તેમાંથી થોડું અંગીકાર કર્યું, પ્રસાદી સંતોને આપી.

★ આ ગણિકાનું નામ સાંપ્રદાયિક ગ્રંથોમાં ક્યાંક રૂપાબાઈ કે નાથીબાઈ કે ક્યાંક લક્ષ્મીબાઈ તરીકેનો ઉલ્લેખ મળે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની પધરામણીના આ પ્રસંગ ઉપર સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીએ કીર્તન રચ્યું છે : **'સજની કોડે આનંદ મારે ઘેર શ્રીજી પધાર્યા, આવી મારા તનડાના તાપ સમાવ્યા રે...સજની૦'** આ કીર્તનમાં શૃંગારના **અનેક ભાવો** સ્વામીએ વણી લીધા છે.

સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીએ પણ આ પ્રસંગનું **કીર્તન** બનાવ્યું છે : **'મોહન મહોલે પધારો, રંગભીના રે, મોહન મહોલે પધારો રે; મહોલે પધારો રે, મારો જનમ સુધારો રે...'**

**વધુ લેખમાળા આવતા અંકે...**

**ક્રમશઃ**

# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી







**હોમાત્મક મહાપૂજા**
**વડોદરા**

વડોદરા શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.ભ. શ્રી અજયભાઈ સોની (અમેરિકા)ના નિવાસસ્થાને યોજાયેલ હોમાત્મક મહાપૂજામાં ઉપસ્થિત પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.

**દિવ્ય શાકોત્સવ**
**કેરાળી**





જૂનાગઢ પ્રદેશના કેરાળા (જેતપુર) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.ભ. શ્રી વિનયભાઈ રામોલીયા (જી-વિન ગ્રુપ) દ્વારા આયોજીત શાકોત્સવમાં સત્સંગ-કથાવાર્તાનો લાભ આપતાં પૂ. સ્વામી નિત્યસ્વરૂપદાસજી.



**કોમ્પ્યુટર લેબ ઉદ્‌ઘાટન**
**સરધાર**



સરધાર મંદિર છાત્રાલયના કોલેજીયન વિદ્યાર્થીઓમાં માટે નૂતન કોમ્પ્યુટર લેબનું ઉદ્‌ઘાટન કરતા પૂ. સ્વામી તથા દાતાશ્રી સુભાષભાઈ જેવરીયા.

## વાર્ષિક પાટોત્સવ ભાદરવા





વડતાલ પ્રદેશના ભાદરવા (વડોદરા)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ વાર્ષિક પાટોત્સવ

## વાર્ષિક પાટોત્સવ સાકરદા





વડતાલ પ્રદેશના સાકરદા (વડોદરા)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ વાર્ષિક પાટોત્સવ





## વાર્ષિક પાટોત્સવ કારિયાણી





ગઢપુર પ્રદેશના તીર્થધામ કારિયાણી ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ મંદિરમાં બિરાજમાન શ્રીહરિકૃષ્ણ મહારાજ આદિક દેવોનો વાર્ષિક પાટોત્સવ તથા સત્સંગ સભા.

## વાર્ષિક પાટોત્સવ
## પીપળીયા



ગઢપુર પ્રદેશના પીપળીયા (બોટાદ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ વાર્ષિક પાટોત્સવ

## સપ્ત દિનાત્મક સત્સંગ સભા
## મહુવા



મહુવાને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ સપ્ત દિનાત્મક સત્સંગ સભામાં
કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

## દિવ્ય શાકોત્સવ
## પલાણા



વડતાલ પ્રદેશના પલાણા ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ શાકોત્સવ તથા સત્સંગ સભા.

## દિવ્ય શાકોત્સવ
## વડોદરા



વડોદરા શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ શાકોત્સવ તથા સત્સંગ સભા.






કતારગામ-સુરતને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીહરિચરિત્રામૃતસાગર કથા પારાયણ.'





વડતાલ પ્રદેશના હૈજરાબાદ (ખેડા) શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ સત્સંગ સભા.






વડતાલ પ્રદેશના ઉત્તરસંડા ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની
ઉપસ્થિતિમાં યોજાયેલ મંદિરમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજ આદિક દેવોનો વાર્ષિક પાટોત્સવ તથા સત્સંગ સભા.




સીમાડા-સુરતને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'કથા પારાયણ તથા પુષ્પદોલોત્સવ'




વડતાલ પ્રદેશના સમની (ભરુચ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
પ.પૂ.લાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ વાર્ષિક પાટોત્સવ તથા પાર્ષદ ખુશાલ ભગતના વકતાપદે યોજાયેલ કથાપારાયણ




ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના તાબાના ભાવનગર મુખ્ય મંદિર દ્વારા પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ સંતો-પાર્ષદો તથા હરિભક્તોની ભાવનગર થી ગઢડા દર્શન પદયાત્રા

## વાર્ષિક પાટોત્સવ
## પરીએજ




વડતાલ પ્રદેશના પરીએજ ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
પ.પૂ.લાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ વાર્ષિક પાટોત્સવ

## વાર્ષિક પાટોત્સવ
## ભુપગઢ




ગઢપુર પ્રદેશના ભુપગઢ ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
પ.પૂ.લાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ વાર્ષિક પાટોત્સવ

## સ્કૂલ ઉદ્‌ઘાટન
## વડતાલ




વડતાલ-બાકરોલ રોડ સ્થિત નૂતન સંજીવની ઈન્ટરનેશનલ સ્કુલનું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

## બ્રહ્મચોયાસી
## રાજકોટ




રાજકોટને આંગણે રક્તભામાશા શ્રી જગતસિંહ જાડેજા (રીબડા)ના દ્વારા આયોજીત બ્રહ્મચોયાસી પ્રસંગે પધારતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

## એન્જોયસીટી વાલવોડ-વડોદરા















વડોદરાથી ૪૦ કી.મી. અને ભાદરણ(બોરસદ)થી ૭ કી.મી. દૂર મહિસાગર નદીને કિનારે વાલવોડ ગામમાં ભારતનું નં. ૧ 'એન્જોય સીટી પાર્ક'નું ન્યાલકરણ ગ્રુપ તથા સાકાર ગ્રુપ - વડોદરા દ્વારા નિર્માણકાર્ય થઈ રહ્યું છે.
જેમાં Water park તથા Adventure પાર્કના ઉદ્‌ઘાટન પ્રસંગે સરધાર તેમજ બગસરાથી સંતમંડળ તથા હરિભક્તો પધારી ઠાકોરજીનો થાળ, સત્સંગ સભા તેમજ ઠાકોરજીનો વોટરપાર્કમાં અભિષેક કરવામાં આવ્યો હતો.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્યશ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરોનો**



# મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

અંતર્ગત

# ॥ શ્રીમદ્ સત્સંગિજીવન ॥

## કથા પારાયણ

**વક્તા :** પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી

| શ્રી સ્વામિનારાયણ મંદિર - સિહોર | શ્રી સ્વામિનારાયણ મંદિર-ઘનશ્યામપરા | શ્રી સ્વામિનારાયણ મંદિર-નાના ભમોદરા |
| --- | --- | --- |
| (ગઢડા શ્રી ગોપીનાથજી મહારાજના તાબાનું) | (જૂનાગઢ શ્રી રાધારમણ દેવના તાબાનું) | (ગઢડા શ્રી ગોપીનાથજી મહારાજના તાબાનું) |
| તારીખ :- ૧૬ થી ૨૧-૪-૨૦૧૮ | તારીખ :- ૭ થી ૧૧-૫-૨૦૧૮ | તારીખ :- ૮ થી ૧૪-૫-૨૦૧૮ |
| શિવમ્ સીટી, સિહોર, જી. ભાવનગર | મું. આદસંગ, તા. સાવરકુંડલા, જી. અમરેલી | તા. સાવરકુંડલા, જી. અમરેલી |
| મો. ૯૦૯૯૯૯૯૬૪૫ | મો. ૯૮૭૯૯૮૬૨૭૦ | મો. ૯૯૨૪૩૯૫૯૨૯ |

## શ્રી સ્વામિનારાયણ બાળયુવા મહોત્સવ

**તારીખ :- ૫ થી ૬-૫-૨૦૧૮**
સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મંદિર, સરધાર, તા.જી. રાજકોટ.
મો. ૭૬૦૦૦૫૮૫૦૩, ૯૮૭૯૭૫૮૫૦૩

---

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## શ્રી લાડલી લક્ષ્મી ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત

ઈતિહાસમાં સૌપ્રથમવાર **સુરત**ને આંગણે

बेटी बचाओ
SAVE the girl child

# લાડલી અસ્મિતા મહોત્સવ

અંતર્ગત

# શ્રીમદ્ ભાગવત કથા

**આશીર્વાદ**
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી
**શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**

**॥ તારીખ ॥**
**૨૦ થી ૨૮ -૪-૨૦૧૮**

**આશીર્વાદ**
પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્યશ્રી
**શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**

સમય : બપોરે- ૦૩:૦૦ થી ૦૬ :૦૦, રાત્રે - ૦૮૩૦ થી ૧૧:૩૦

## વક્તા : સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**કથાસ્થળ :** 'તાપીભૂમિ' પુણા-સારોલી BRTS જંક્શન, ક્રિષ્ના પેટ્રોલપંપની બાજુમાં, સુરત





# અક્ષરવાસ

## પૂ. સ.ગુ. શ્રી ધર્મપ્રિયદાસજી સ્વામી (મંત્રી સ્વામી)

વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના છઠ્ઠા પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ **આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજશ્રી** દ્વારા દીક્ષીત બ્રહ્મનિષ્ઠ સંત **પૂ. સ.ગુ. શ્રી ધર્મપ્રિયદાસજી સ્વામી** (મંત્રી સ્વામી) **તા. ૧૭-૨-૨૦૧૮ ફાગણ સુદ - ૨**ના રોજ વહેલી સવારે ૫.૦૦ કલાકે ૮૨ ઉંમરે ભગવાન શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા કરતા **અક્ષરનિવાસી** થયા છે. જીવનપર્યંત પૂ. સ્વામીએ વડતાલ શ્રીહરિકૃષ્ણ મહારાજ-શ્રીલક્ષ્મીનારાયણ દેવની દૃઢનિષ્ઠાથી આજીવન સેવા કરી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સંતો-ભક્તોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. પૂ. સ્વામીનું જીવન ખૂબજ નિરાળુ-સ્નેહાળુ અને નિર્માની હતું. તેમજ ધર્મકુળ પરિવાર સાથે પાંચ-પાંચ પેઢીથી એકનિષ્ઠાથી જોડાયેલા રહ્યા હતા. પૂ. સ્વામીએ ઢોલાર, માંડવી, કડધરા, વ્યારા, વસઈ, દાહોદ વગેરે ગામોમાં નૂતન હરમંદિરો બંધાવી તેમજ જીર્ણોદ્ધારની સેવા કરી સત્સંગ સમાજને રાજી કર્યો હતો. તેમજ ચરોતર, કાનમ, રાજપ્રદેશ, પંચમહાલ વગેર ગામડાઓમાં વિચરણ કરીને પૂ. સ્વામીએ મુક સત્સંગના માધ્યમથી સત્સંગપોષણની બહુમોટી સેવા કરીને એક પ્રેરણાનો માર્ગ બતાવ્યો. પૂ. સ્વામીએ ચિંધેલા સત્સંગ સેવાના માર્ગે એમના શિષ્યો શા. જયેન્દ્રપ્રસાદદાસજી સ્વામી તથા શા. સર્વમંગલદાસજી સ્વામી વગેરે જીવન વીતાવી રહ્યા છે. વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ સર્વેને સત્સંગ તેમજ ધીરજનું બળ અર્પે એજ પ્રાર્થના....








**વડતાલધામ** ખાતે **પૂ. સ.ગુ. શ્રી ધર્મપ્રિયદાસજી સ્વામી** (મંત્રી સ્વામી)નો અગ્નિસંસ્કાર તથા વડતાલ મંદિર સભામંડપમાં શ્રદ્ધાંજલી સભા રાખવામાં આવી હતી. જેમાં સંપ્રદાયના મુર્ધન્ય સંતો તેમજ વિશાળ સંખ્યા હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. સર્વે કોઈએ પૂ. સ્વામીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.














ગઢપુર પ્રદેશના પીપરલા ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં ગઢડા મંદિરના પૂ. કો. શા. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી રામજી મંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'








ગોપાલપુરા (એમ.પી)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ








જૂનાગઢ પ્રદેશના લુંધીયા (બગસરા)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં બગસરા નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ.









પુણાગામ-સુરતને આંગણે પ.પૂ. ધ.ધુ. **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાન્નિધ્યમાં બગસરાનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ **નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિર**નો ઉજવાયેલ **'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ'** તથા **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'**






કોસંબા-સુરતને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ






અંકલેશ્વરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

Swaminarayan Chintan, March-2018 Reg. No. RJT - 624/16-18, Valid up to 31/12/18, Posted at Rajkot R.M.S on 20th of every month
wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 20/12/2018_RNI No. GUJGUJ-2013/47868



**પ.પૂ. લાલજી મહારાજશ્રીનો જન્મોત્સવ – વડતાલ**











વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદથી સમગ્ર ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં તથા સંતો-હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં ઉજવાયેલ વડતાલ ગાદીના **ભાવિઆચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો '૪૪મો જન્મોત્સવ'** (ફાગણ વદ - ૫ રંગપંચમી, તા. ૬-૩-૨૦૧૮)

Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007